**આજનો સુવિચાર**

જે ઉપરથી કડવા લાગે એ અંદરથી સારા હોય પછી તે લીમડાનું પાન હોય કે કોઈ વ્યકિત

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૯૨ જૂનાગઢ તા.૩૧-૭-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 192, Junagadh : Date : 31 July, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay







# જયપુર - મુંબઈ એક્સપ્રેસ ટ્રેનમાં અંધાધુંધ ફાયરીંગની ઘટના : એએસઆઈ સહિત ૪નાં મોત

## ફાયરીંગ કરનાર આરપીએફ જવાન ચેતનની ધરપકડ

(મુંબઈ બ્યુરો) મુંબઈ તા. ૩૧ મુંબઈ જતી જયપુર એક્સપ્રેસ ટ્રેનમાં ફાયરિંગની ઘટના બની છે. આ ઘટનામાં એક ASI સહિત કુલ ૪ મુસાફરોનાં મૃત્યુ થયા છે. આ ફાયરિંગની ઘટના AC કોચ B5માં બની હતી.

પાલઘરથી દહિંસર વચ્ચે આ ફાયરિંગનો મામલો થયો હોવાની માહિતી મળી રહી છે. આ મામલે એક RPF જવાનની ધરપકડ કરી લેવામાં આવી છે. મુંબઈ જીઆરપીના જવાનોએ તેની ધરપકડ કરી હતી.

માહિતી અનુસાર આ ઘટનામાં મૃત્યુ પામનાર ASIનું નામ તિલકરામ છે. જોકે ફાયરિંગ કરનાર RPF જવાનની પણ ઓળખ થઈ છે. તેનું નામ ચેતન હોવાનું સામે આવી રહ્યું છે. આરોપી કોન્સ્ટેબલ ચેતનની તાત્કાલિક ધરપકડ કરી લેવામાં આવી હોવાની જીઆરપીએ માહિતી આપી છે. હવે તેને પકડીને બોરિવલી સ્ટેશન ખાતે લાવવામાં આવ્યો છે.

ઘટના બન્યા બાદથી આરપીએફના જવાનોનો રેલવે સ્ટેશને ખડકલો સર્જી દેવાયો છે. ટ્રેન જયપુરથી રવાના થઈ હતી અને ગુજરાત ક્રોસ કરીને મુંબઈ પહોંચી હતી. આ ઘટના કેમ બની? કેમ ગોળીબાર કરવામાં આવ્યો તેને લઈને હજુ કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. જોકે એવી માહિતી છે કે ASI તિલકરામ અને કોન્સ્ટેબલ ચેતન વચ્ચે કોઈ મુદ્દે માથાકૂટ થઈ હતી. જેને લઈને તેણે અંધાધૂંધ ફાયરિંગ કર્યો હોવાનો ખુલાસો થયો છે. ફાયરિંગ કર્યા બાદ તે તાત્કાલિક ટ્રેનમાંથી કૂદી ગયો હતો.

# સુરતમાં પણ અમદાવાદ વાળી : દારૂડિયા નબીરાએ બેફામ ઝડપે કાર ચલાવી ૬ને ઉડાવ્યા

સુરત તા.૩૧ : સુરતમાં નશાખોર નબીરાએ બેફામ સ્પીડે કાર ચલાવીને ૩ બાઈકચાલક સહિત ૬ને ઉડાવવાની ઘટના બની છે. અમદાવાદના ઈસ્કોન બ્રીજ પર કારની હડફેટે ૧૦ લોકોના ભોગના બનાવની શાહી સુકાઈ નથી ત્યાં તેના જેવો જ બનાવ સુરતમાં બન્યો છે. ગત મધરાત્રે બેફામ ઝડપે કાર ચલાવીને સાજન પટેલ નામના યુવકે ત્રણ બાઈકસવાર સહિત છ લોકોને ઉડાવ્યા હતા. તમામને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઉશ્કેરાયેલા લોકોએ કારચાલકની ધોલાઈ કરી હતી અને 'તથ્ય પટેલનો જ ભાઈ છે' તેમ કહીને પોલીસને સોંપ્યો હતો.

સુરતના ઉત્રાણમાં રહેતો સાજન પટેલ નામનો ૨૭ વર્ષિય યુવક બર્થડે પાર્ટીમાંથી દારૂ પીને જીજે-૦૫-આરઆર ૯૯૯૫ નંબરની કારમાં બેફામ ઝડપે નિકળ્યો હતો ત્યારે દારૂના નશામાં કાપોદ્રામાં અકસ્માત સર્જયો હતો. કાપોદ્રા વિસ્તારમાં આવેલી સ્નેહ મુદ્રા સોસાયટી પાસે રાત્રે સ્વિફ્ટ કારના ચાલક સાજન પટેલે બીઆરટીએસ રૂટમાં ત્રણ બાઈક અને બે રાહદારી સહિત ૬ જેટલા લોકોને અડફેટે લઈ ઉડાવ્યા હતા. પૂરપાટ ઝડપી આવી રહેલી સ્વિફ્ટ કારે એક બાદ એક એમ ત્રણ બાઈકો અડફેટે લીધા હતા.

બીઆરટીએસ રૂટ પૂરો થઈ રહ્યો હતો, ત્યાં ચાર રસ્તા પર બાઈકસવાર લોકો રોડ ક્રોસ કરી બીઆરટીએસ રૂટમાં જઈ રહ્યા હતા, ત્યારે અકસ્માત થયો હતો. અકસ્માત થવા છતાં કાર ઉભી રાખવાને બદલે સાજન પટેલે કાર ભગાવવાનો પ્રયાસ કર્યો હતો. લોકોએ કારચાલક સાજન પટેલને પકડ્યો ત્યારે દારૂના નશામાં હોવાનું જાણવા મળ્યું હતું. કારચાલકે અંદાજે ૨૦ ફૂટ જેટલા બાઈકચાલકોને ઢસડી નાખ્યા હતા. ત્યારબાદ કારની એરબેગ પણ ખુલી ગઈ હતી. અકસ્માતના સ્થળથી ૨૫ ફૂટ દૂર કાર રોકાઈ ગઈ હતી.

અકસ્માતના પગલે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા. લોકોએ કારચાલકને કારમાંથી બહાર કાઢી માર પણ માર્યો હતો. અકસ્માતની જાણ થતાં કાપોદ્રા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્તોને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે કારચાલકને સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. તમામ ઈજાગ્રસ્તોને હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ થઈ છે. લોકોના જણાવ્યા પ્રમાણે કારચાલક દારૂના નશામાં હતો. જેથી લોકો વધુ ઉશ્કેરાયા હતા અને કારચાલકને માર માર્યો હતો

# મણિપુર મામલે આજે પણ સંસદમાં ધમાલ : બંને ગૃહો સ્થગિત

નવી દિલ્હી તા. ૩૧ મણિપુર મામલે આજે પણ સંસદમાં ભારે ધમાલનાં દ્રશ્યો જોવા મળ્યા હતા. વિપક્ષનાં ભારે હોબાળા વચ્ચે લોકસભા અને રાજયસભાની કાર્યવાહી બપોર સુધી સ્થગીત કરવાની અધ્યક્ષને ફરજ પડી હતી. દરમ્યાનમાં દેશમાં બની રહેલા ૨૦૨૪ અને તે પુર્વેની પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીના વાતાવરણ વચ્ચે સંસદમાં પણ મણીપુરની દિલ્હી વટહુકમ મુદે સરકાર-વિપક્ષો વચ્ચેના જંગમાં હવે આ સપ્તાહ નિર્ણાયક બનશે તથા ભાજપ સહિત તમામ પક્ષોએ તેમના સાંસદોને વર્તમાન સપ્તાહમાં તા.૪ ઓગષ્ટ સુધી દિલ્હી નહી છોડવા તથા સંસદમાં સતત હાજરી આપવા વ્હીપ આપ્યો છે

તો શનિ-રવિ-મણીપુરની મુલાકાત લઈને આવેલા વિપક્ષોના નવા ગઠબંધન 'ઈન્ડીયા'ના સાંસદો હવે તેમની 'નજરે જોયેલી પરીસ્થિતિ' મુદે ચર્ચા માટે આજે ફરી સભા મોકુફીની દરખાસ્ત રજૂ કરશે તો બીજી તરફ ગત સપ્તાહમાં લોકસભામાં વિપક્ષોએ જે અવિશ્વાસ દરખાસ્ત રજુ કરી હતી અને અધ્યક્ષે તે સ્વીકારી છે તો તેના પર ચર્ચાનો સમય પણ નિશ્ચીત થશે.

# સ્માર્ટ ગુજરાત : સમગ્ર રાજયમાં પ્રિ-પેઈડ મીટરો લગાવવામાં આવશે

ગાંધીનગર તા. ૩૧ : ગુજરાત રાજ્યમાં પ્રીપેઈડ ઈલેકટ્રીક મીટરો થોડા સમયમાં હકીકત બની જશે. ગુજરાત દેશમાં સ્માર્ટ મીટરો મુકનાર છઠ્ઠું રાજ્ય બનશે. રાજ્ય સરકારે ૬૦ લાખ સ્માર્ટ મીટરોનો ઓર્ડર આપ્યો છે. પહેલા તબક્કામાં આ મીટરો ગાંધીનગરની સરકારી કચેરીઓમાં તથા અન્ય સરકારી કચેરીઓમાં મુકવામાં આવશે તેમ એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું. આ મીટરોની કામગીરી અનેક કાર્યક્ષમતા ચકાસવામાં મદદ મળશે ત્યાર પછી તે ખાનગી સંપત્તિઓમાં લગાવવામાં આવશે. એકવાર આ મીટરોની કામગીરી યોગ્ય જણાશે. પછી તે ડોમેસ્ટીક ગ્રાહકોને ત્યાં પણ લગાવી દેવાશે. મીટરો લગાવવાની કામગીરી તબક્કાવાર કરાશે. શરૂઆતમાં મોટા શહેરોમાં આવા મીટરો લગાવવામાં આવશે.

સ્માર્ટ મીટરો વેબ બેઝડ મોનીટરીંગ સીસ્ટમ સાથે જોડવામાં આવશે જેનાથી વપરાશની વ્યાપારીક ખાધ ઘટાડવામાં રેવન્યુ વધારવામાં અને પાવર સેકટર સુધારાના મહત્વના સાધન તરીકે સેવા આપવામાં મદદ મળશે. પ્રીપેઈડ સીસ્ટમ મીટરીંગથી રેવન્યુ કલેકશનની બિનકાર્યક્ષમતામાં ઘટાડો થશે, ક્યાં વિસ્તારમાં ખોટ થઈ રહી છે તેની ઓળખ થશે અને ગ્રાહકોને પોતાની જરૂરીયાત અનુસાર વીજ વપરાશનું આયોજન કરવાની આઝાદી મળશે. તેનાથી વીજ કંપનીના ટ્રાન્સમીશન અને ડીસ્ટ્રીબ્યુશન લોસીસ ઘટાડવામાં મદદ મળશે. અધિકારીએ કહ્યું કે, આનાથી ગ્રાહકોને ખોટા વીજ બીલ, બીલ ના હોય ત્યારે ડીસકનેકશન પછી રીકનેકશન ચાર્જીસ વગેરે તકલીફોથી પણ છૂટકારો મળશે.

૨૦૨૪માં યોજનારી લોકસભાની ચૂંટણીમાં

# ફરી એકવાર એનડીએની સરકાર બનશે 'ઈન્ડિયા' માટે હજુ દિલ્હી દુર - સર્વે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૩૧ આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા તાજેતરનો ઓપિનિયન પોલ સામે આવ્યો છે. ઈન્ડીયા ટીવી-સીએનએક્સના સર્વેમાં સતત ત્રીજી વખત મોદી સરકારની રચનાનો અંદાજ લગાવવામાં આવ્યો છે. ભાજપની બેઠકો ગત વખત કરતાં ઓછી હોઈ શકે છે, પરંતુ તેમ છતાં સ્પષ્ટ બહુમતી આવે તેવી શક્યતા છે. બીજી તરફ કોંગ્રેસની બેઠકોમાં નજીવો વધારો થવાની ધારણા છે. જો કે હવે કોંગ્રેસ ૧૦૦ સીટોથી પણ નીચે રહેવા જઈ રહી છે. ઓપિનિયન પોલ અનુસાર, NDAને ૩૧૮ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી મળી શકે છે, જયારે મુખ્ય વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયા'ને ૧૭૫ બેઠકો મળી શકે છે. અન્યને ૫૦ બેઠકો મળવાની ધારણા છે.

ઓપિનિયન પોલ અનુસાર ભાજપ ૨૯૦ બેઠકો જીતી શકે છે. કોંગ્રેસને ૬૬ બેઠકો મળવાની ધારણા છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં ભાજપને ૩૦૩ બેઠકો મળી હતી, કોંગ્રેસને ૫૨ બેઠકો મળી હતી. સીટોની દ્રષ્ટિએ સૌથી મોટા રાજય ઉત્તર પ્રદેશમાં બીજેપીને કોઈ સ્પર્ધા આપતું નથી. અહીં ભાજપને ૭૦, સપાને ચાર, કોંગ્રેસને બે, અપના દળને બે બેઠકો મળી શકે છે. એનડીએને ૭૩ અને ઈન્ડીયા એલાયન્સને સાત બેઠકો મળવાની ધારણા છે. બિહારની ૪૦ બેઠકોમાંથી NDAને ૨૪ બેઠકો મળી શકે છે, જયારે ભારતને ૧૬ બેઠકો મળી શકે છે. મહારાષ્ટ્રની ૪૮ સીટોમાંથી ૨૪ સીટો એનડીએને અને ૨૪ સીટો ભારતને આપવામાં આવી છે. તમિલનાડુની વાત કરીએ તો અહીં કુલ ૩૯ સીટો છે જેમાંથી ૯ એનડીએને અને ૩૦ ભારતને આપવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં NDA ગઠબંધનને ૧૨ બેઠકો મળી શકે છે, ઈન્ડિયા ગઠબંધનને ૩૦ બેઠકો મળી શકેછે. ઓપિનિયન પોલ અનુસાર, એનડીએને કર્ણાટકમાં ૨૦, ઈન્ડિયા એલાયન્સને સાત અને અન્યને એક બેઠક મળવાની ધારણા છે. ગુજરાતમાં ભાજપ તમામ ૨૬ સીટો જીતી શકે છે. ઈન્ડીયા એલાયન્સ કેરળમાં તમામ ૨૦ સીટો જીતી શકે છે. રાજસ્થાનમાં એનડીએને ૨૧ અને ઈન્ડીયા એલાયન્સને ચાર બેઠકો મળવાની ધારણા છે. જો આંધ્ર પ્રદેશની વાત કરીએ તો અહીંની તમામ ૨૫ સીટો ન તો એનડીએના ખાતામાં જઈ રહી છે અને ન તો ઈન્ડિયાના ખાતામાં !! ઓડિશા એનડીએ ૮, અન્ય ૧૩, ભારત-૦ રહી શકે છે. મધ્યપ્રદેશમાં ભાજપ ૨૪ બેઠકો જીતે તેવી શક્યતા છે જયારે કોંગ્રેસ પાંચ બેઠકો જીતે તેવી શક્યતા છે. તેલંગાણાની વાત કરીએ તો અહીં NDA A, ઈન્ડીયા બે અને અન્ય ૯ સીટો જીતી શકે છે. આસામમાં એનડીએના ખાતામાં ૧૨, ભારતના ખાતામાં એક અને અન્યના ખાતામાં એક બેઠક આવી શકે છે.

# બાળ તસ્કરીનાં કેસમાં ૬૮ ટકાનો વધારો ૮૦ ટકા બાળકો ૧૩ થી ૧૮ વર્ષના

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૩૧ ભારતના કેટલાક રાજયમાં બાળકોની તસ્કરીની ઘટના અવાનવાર સામે આવતી હોય છે. આ મામલે જો ૨૦૧૬ થી ૨૦૨૨ની વચ્ચેની વાત કરવામાં આવે તો ઉત્તર પ્રદેશ, બિહાર અને આંધ્ર પ્રદેશનો ટોચના ત્રણ રાજયોમાં સમાવેશ થાય છે. જયારે દિલ્હીમાં કોરોના સમયગાળા પહેલાની સરખામણીએ પછીના સમયમમાં બાળ તસ્કરીના વધુ કેસ નોંધાયા છે. આ કેસોમાં લગભગ ૬૮ ટકા જેટલો વધારો નોંધાયેલ છે. એક NGO દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ માહિતી સામે આવી છે. આજે 'વર્લ્ડ હ્યુમન ટ્રાફિકિંગ પ્રિવેન્શન ડે'ના અવસર પર આ ડેટા જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં દેશમાં બાળ તસ્કરીની ચિંતાજનક સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર, ઉત્તર પ્રદેશ, બિહાર અને આંધ્ર પ્રદેશ ટોચના ત્રણ રાજયો છે જયાં ૨૦૧૬ થી ૨૦૨૨ વચ્ચે સૌથી વધુ બાળકોની તસ્કરી થઈ હતી.

# પંજાબનાં બે યુવાનો પુરનાં પાણીમાં તણાયને પાકિસ્તાન પહોંચી ગયા

ફિરોઝપુર તા. ૩૧ : પંજાબના ફિરોઝપુરમાં ભારત-પાકિસ્તાન બોર્ડર નજીક આવેલા ગઝનીવાલા ગામના બે ભારતીય યુવકો પૂરમાં તણાય ગયા બાદ પાકિસ્તાનની સરહદની અંદર પહોંચી ગયા છે. પાકિસ્તાની રેન્જર્સે ચેકપોસ્ટ પર આયોજિત ફ્લેગ મીટિંગમાં આ અંગેની માહિતી આપવામાં આવી છે. ભારતીય અધિકારીઓએ જણાવ્યું કે ફ્લેગ મીટિંગ દરમિયાન આ અંગેની માહિતી મળી છે અને હવે બંને યુવકોને પરત લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખરેખરમાં આ બંને યુવકો લુધિયાણાના રહેવાસી છે અને તેઓ શ્રી હરિમંદર સાહિબ જવાના હોવાનું કહી તેમના ઘરેથી નીકળ્યા હતા.

યુવકની પૂછપરછ કરવા માટે તેમના સંબંધીઓ ફિરોઝપુરના પોલીસ સ્ટેશન લખોંના બહેરામ પહોંચ્યા હતા. પોલીસનું કહેવું છે કે બંને પાકિસ્તાન પહોંચી ગયા હોવાની માહિતી મળી છે.


**લેવા-વેચવા**

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફ્લેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

**મયંક એસ્ટેટ બ્રોકર**
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સ્ટાફ જોઈએ છે
અનુભવી / બિન અનુભવી
SWARAJ
સેલ્સમેન ● હેડ મેકેનીક ● હેલ્પર
જુનાગઢ, વિસાવદર, ભેસાણ, મેંદરડા
અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.
મો. ૭૮૭૪૪ ૪૭૨૭૪




શ્રી યમુના ટ્રેક્ટર્સ
લક્ષ્મી પેટ્રોલ પંપની સામે, સરગવાડા બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટ રોડ, જુનાગઢ.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA, HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪


C M Y K

# જૂનાગટ શહેરમાં તાજીયાના પરંપરાગત ભવ્ય ઝુલુસમાં હજારો લોકો જોડાયા














(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૩૧

મહોરમ નિમિત્તે શનિવારે રાત્રે જૂનાગઢ શહેરમાં તાજીયાનું શાનદાર પરંપરાગત મુજબ ઝુલુસ નીકળ્યું હતું. જેમાં હજારો આકિદમંદ જોડાયા હતાં. સદીઓ જુની પરંપરા મુજબ નિયમ રૂટ ઉપર ઝુલુસ નીકળ્યું હતું. જેમાં ૫૦ થી વધુ તાજીયા જોડાયા હતાં. પરંપરાગત મુજબ સેજ, તેની પાછળ દાતારનો સરકારી તાજીયા અને શહેરના અન્યવિસ્તારોના તાજીયા ઝુલુસમાં જોડાયા હતાં. શહેરનાં વિવિધ વિસ્તારોમાંથી તાજીયા માંડવી ચોક થઈ વંથલી દરવાજા સ્થિત કબલા ખાતે સંપન્ન થયું હતું. ઢાલ રોડ તેમજ ચિતાખાના ચોક ખાતે તાજીયા જયારે એક લાઈન થયા હતાં ત્યારે અલૌકીક દ્રશ્ય સર્જાયું હતું. શહેરનાં રાજમાર્ગો ઉપર રોશની કરવામાં આવી હતી. અને ઠેર ઠેર ન્યાઝનુ વ્યાપક આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતે ચોતરફ વરસતા વરસાદમાં ઝુલુસ નિકળ્યા હતાં. અને લોકોએ શ્રધ્ધાપૂર્વક શહિદોને શ્રધ્ધાંજલી અર્પી હતી. રાત્રી દરમ્યાન ઝુલુસ તેના રૂટ ઉપર ફર્યા હતાં.

ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મોહમ્મદ સાહેબના દોહિત્ર ઈમામ તેમના ૭૨ સાથીઓએ ઈરાકના કરબલા ખાતે આજથી ૧૪૦૦ વર્ષ પેહલા આપેલી કુરબાનીની યાદમાં મનાવવામાં આવે છે તે નિમિત્તે મોહરમમાં આ તારીખે તાજીયાના ઝુલુસ નીકળે છે. સમગ્ર દેશમાં તમામ શહેરો, જીલ્લા મથકો, મહાનગરમાં તાજીયાના ઝુલુસ નીકળ્યા હતાં. કોમી એકતા, શાંતિના સંદેશા સાથે ઝુલુસ સંપન્ન થયું હતું. જૂનાગઢમાં એસપી વાસમ શેટ્ટી, ડીવાયએસપી હિતેશ ધાંધલીયા, એ ડીવીઝન પીઆઈ શ્રી વાઢેર તથા સમગ્ર પોલીસ સ્ટાફે સતત ખડેપગે રહી કાયદો અને વ્યવસ્થાનની સ્થિતિ જાળવી રાખી હતી. ઝુલુસ દરમ્યાન મુસ્લીમ આગેવાનો કોર્પોરેટર રઝાકભાઈ હાલા, અશરફભાઈ પંજા, બટુકભાઈ મકવાણા, એસ.આઈ. બુખારી, વહાબભાઈ કુરેશી, મુન્નાબાપુ દાતારવાળા, સોહેલ સીદીકી, સફીભાઈ સોરઠીયા, સાકીરભાઈ બેલીમ, રેહાન બાબી વગેરેએ તંત્ર સાથે સંકલન જાળવ્યું હતું.

## ગિરનાર ક્ષેત્રમાં સેવાભાવી સંસ્થા દ્વારા રાશન કીટનું વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૧

શ્રી ગીરનાર દર્શન દ્વારા તથા શ્રી વણીક સમાજના અગ્રણી દ્વારા ગીરનાર ડોળીવાળા તથા તેડાગરને રાશનની મોટી કીટ બે મહીના ચાલે તેટલું કાચુ રાશન કીટ આપેલ છે. ગીરનાર ડોળી એસોસીએશનના પ્રમુખ રમેશભાઈ બાવળીયા તેમજ બધા સભ્યોને આશરે ૧૭૦ જેટલી રાશનકીટો આપેલ હતી. આ કાર્યક્રમ જૈન દિગંબર ધર્મશાળા કાનતાબામા રાખવામાં આવેલ હતો. આયોજકોનો હ્રદયપુર્વક આભાર માનવામાં આવ્યો હતો. (તસ્વીર : વિજય ત્રિવેદી)

## કાળ ભૈરવ દાદાના મંદિરે લાઈટની વ્યવસ્થા કરવા માંગણી

જૂનાગઢ તા. ૩૧

અધિક પુરૂષોતમ માસ તેમજ શ્રાવણ માસના દિવસો આવનાર છે. ત્યારે ભવનાથ ક્ષેત્રમાં વિવિધ ધાર્મિક સ્થળોએ ભાવિક જનતા મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડે છે ત્યારે તળેટી જવાના રસ્તા ઉપર જીલ્લા પંચાયત ગેસ્ટ હાઉસના પાછળના ભાગમાં કાળભૈરવ દાદાનુ એક મંદિર આવેલું છે તેમજ બાજુમાં ભગવાન શિવજીનું મંદિર આવેલ છે. ત્યારે આ રસ્તા ઉપર મંદિર પાસો લાઈટની વ્યવસ્થા કરવા ભાવિકો દ્વારા લાગણી કરવામાં આવી છે. પીજીવીસીએલ તંત્ર તેમજ સંબંધીત તંત્ર દ્વારા યોગ્ય કરવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

## ધુનડા ખાતે આવતીકાલે પૂ. જેન્તીરામ બાપાનો સત્સંગ યોજાશે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૩૧

જામજોધપુરથી ૨૧ કિમીના અંતરે આવેલ ધુનડાના સતપુરાણધામ આશ્રમે આવતીકાલે પુનમ નિમિત્તે રાત્રે ૯ કલાકે પૂ. જેન્તીરામબાપાનો સત્સંગ યોજાનાર છે. જેમાં પૂ. જેન્તીરામબાપા આજના તનાવભર્યા જીવમાં આધી-વ્યાધી અને ઉપાધીના ત્રિવીધ તાપમાંથી મુકત રહી આનંદમય જીવન કેમ જીવાય, આધ્યાત્મીક જીવનમાં ગુરૂ કૃપાથી પરમાત્માનું દર્શન કેમ થાય, ધ્યાન સમાધી જેવા ગહન યોગનું અનુભવગત માર્ગદર્શન આપશે. આ પ્રસંગે દેશવિદેશથી ભાવિકો આ કાર્યક્રમનો લાભ લેવા ઉપસ્થિત રહેશે જેને લઈ તમામ તૈયારીઓ થઈ ચુકી છે તેમ હસમુખભાઈ શીલુએ જણાવેલ છે.

## માખીયાળા ઝેરી દવા પીતા મૃત્યું

જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢ તાલુકાના માખીયાળા ગામે રહેતા મુકેશભાઈ ગગનાભાઈ સોલંકી (ઉ.વ.૪૫)એ ઘર કંકાસમાં ઝેરી દવા પી જતા તેઓનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. બી ડીવીઝન પોલીસે વધુ તપાસ ચલાવી રહી છે.

**કેશોદમાં જુગાર દરોડો : છ ઝડપાયા**

કેશોદ પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે પરબતભાઈ ગોપાલભાઈ કુંભાણીની વાડીની ઓરડીમાં જુગાર અંગે દરોડો પાડી છ શખ્સોને રૂા.૩૮૦૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## સોમનાથના દર્શન કરી ભાવિભોર બનતા વડીલ વંદના તીર્થયાત્રાના ભાવિકો




(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૩૧

વિશ્વ પ્રસિધ્ધ ભારત બાર જયોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ દર્શને બેતાલીસ લેઉવા પાટીદાર યુવા મંડળ-પાટણ દ્વારા દ્રીતીય વડીલ તીર્થયાત્રા તા. ૨૮ના રોજ દ્વારકાથી સોમનાથ આવી પહોંચી હતી. એશિયા ખંડની સૌથી મોટી સામુહિક વડીલ તીર્થયાત્રીઓએ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પાટીદાર સમાજની આ યાત્રામાં ૪૦૦૦ વડીલો ૧૩૦૦ કિમી તિર્થયાત્રામાં દ્વારકા, સોમનાથ અને ખોડલધામ-કાગવડનો સમાવેશ થયેલ છે. આ યાત્રાને વલ્ડ બુક ઓફ રેકોર્ડમા સન્માનીત કરાશે. આ યાત્રામાં પાટણ, મહેસાણા જીલ્લાનાં ૪૨ લેઉવા પટેલ પાટીદાર સમાજના વડીલોએ ૫૩ ગામોમાંથી ભાગ લીધો છે અને ૧૧૫ જેટલી લકઝરી બસો સાથે ૩૦૦ યુવાન અને ૨૫૦ મહિલા સ્વયંસેવકો યાત્રીકોની સેવામાં ખડેપગે વોકીટકી સેટસ સાથે રહેશે. રૂા. ૭૫ લાખના ખર્ચે યોજાયેલી આ યાત્રામાં દરેક યાત્રીકે માત્ર રૂા. ૨૦૦ જ ફી ભરવાની રહેલ છે. યાત્રા સાથે ૧૫ ડોકટરો, બે આઈસીયુ મેડીકલ એમ્બ્યુલન્સ અને યાત્રીકોનું રૂા. પાંચ લાખનું વિમા સુરક્ષા કવચથી સુરક્ષીત કરાઈ છે.

## કેશોદમાં સ્નેહ મિલન સમુહ ભોજન સત્ય નારાયણ કથાનું આયોજન થયું

(ગોવિંદ હડિયા દ્વારા) કેશોદ તા.૩૧

પુરષોત્તમ માસના પવિત્ર દિવસોમાં સમગ્ર માતરવાણીયાના ગામના કેશોદમાં વસતા પરિવાર માટે સત્યનારાયણ ભગવાનની કથા સાથે જ સ્નેહ મિલન સમારોહ અને સમૂહ ભોજન સમારોહનું આયોજન કેશોદ કડવા પટેલ સમાજમાં આયોજન કરવામાં આવેલ હતું. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન વિવિધ જ્ઞાતિના પરિવારોના મળવાનો અને એક બીજાના વિચારોને જાણવાનો અમૂલ્ય અવસર સહુને પ્રાપ્ત થયેલ. આ કાર્યક્રમમાં આવનાર દિવસોમાં સહુ સાથે મળી અને અન્ય પરિવારો માટે પણ સત્કર્મ કરવાનો સર્વે યુવાનોએ સંકલ્પ કર્યો. આ ઉમદા સંકલ્પને હાજર સર્વે વડીલોએ તન, મન, ધનથી સહયોગ આપવાની ખાત્રી આપી હતી. આવા વિવિધ જ્ઞાતિઓનો સમૂહ કાર્યક્રમ માત્ર મતરવાણીયા ગામનો જ થાય છે. આ તમામ શ્રેય મતરવાણીયા ગામના કેશોદમાં વસતા વિવિધ જ્ઞાતિઓના પરિવારના વડીલોને શ્રેય જાય છે અને ઉદાહરણ રૂપ ખુબ જ સુંદર અને શ્રેષ્ઠ કાર્યક્રમ કરવાનો અવસર પ્રાપ્ત થયો. આ માતરવાણીયા ગામમાં એકસંપ છે. તેનું મોટું ઉદાહણ હોય તો માળિયા તાલુકામાં કયાંય હાઈસ્કૂલ નહોતી ત્યારે માતરવાણીયાના આગેવાનોમાં સંપ હોવાથી પ્રથમ હાઈસ્કૂલ પણ માતરવાણીયા ગામને વલભાચાર્ય હાઈસ્કૂલના નામથી મંજૂરી મળેલી હતી જેનું ઉદઘાટન ઈંદિરાબેટીજીના વરદ હસ્તે થયેલું હતું. આ પ્રમાણે તમામ ગામોના લોકો નોંધ લેવી અને હરેક ગામના લોકો ભેગા થઈને આવા પ્રેરણાદાયી કાર્યક્રમ યોજે તો તમામ સમાજમાં એકતા ભર્યુ વાતાવરણ જોવા મળી શકે તેવું સૌએ વિચારવું જોઈએ.

## યાત્રાધામ દ્વારકામાં આખલા ઉપર એસિડ જેવો જલદ પ્રવાહી ફેંકાતા રોષ



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૩૧

યાત્રાધામ દ્વારકામાં જગત મંદિર આસપાસ અધિક શ્રાવણ પુરષોત્તમ માસમાં કોઈ ઈસમોએ આખલા ઉપર એસિડ જેવું જલદ પ્રવાહી ફેંકાતા ગૌ પ્રેમીઓમાં રોષની લાગણી ફેલાઈ છે. નંદી ઉપર એસિડ ફેંકનાર શખ્સ જલ્દી ઝડપાઈ તેવી માંગ ઉઠી છે. ઈજાગ્રસ્ત આખલાને દ્વારકાની સુરભી માધવ ગૌશાળા ખાતે સારવાર અર્થે લાવેલ હતા.

## રાજયસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ દ્વારકાધીશના દર્શન કર્યા



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૩૧

રાજયસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ યાત્રાધામ દ્વારકામાં આવી પહોંચેલ અને પુરૂષોત્તમ માસની એકાદશીના પાવન અવસરે જગતમંદિરમાં કાળિયાઠાકોરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેમજ સાંસદે ધ્વજાજી નું પૂજન કરી બાદમાં શારદાપીઠ ખાતે ચાલતા જગતગુરૂ શંકરાચાર્યજી શ્રી સદ્યનંદ સરસ્વતીજી મહારાજના ચાતુર્માસયવ્રતાનુષ્ઠાનમાં ઉપસ્થિત રહીને ગુરૂજીના આશીર્વાદ પ્રાપ્ત કરેલ હતો. સાંસદ પરિમલભાઈ નથવાણી એ શંકરાચાર્ય સાથે વિચારગોષ્ઠી કરી વાર્તાલાપ કરેલ હતો.


## માણાવદરમાં રોડ-રસ્તાના ચેકીંગમાં કોઈને રસ નથી : લોકોમાંથી ઉઠતો સવાલ



(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા. ૩૧

માણાવદરથી વંથલી, સરાડીયા, ચૌટાના રસ્તાઓની હાલત બદતર થઈ ગઈ છે. આ બાબતે પ્રજામાં રોષની લાગણી જોવા મળે છે. પ્રજાજનોમાં ચર્ચા થઈ રી છે કે સરકારી તંત્રનો વાહનોના ચેકીંગના બહાને દંડ વસુલવામાં આવે છે પરંતુ પ્રજાની મહામુલી માનવ જીંદગી જોખમાય તેવા રોડ-રસ્તાનાં ચેકીંગમાં રસ ન હોવાનું લોકોમાં ચર્ચાય છે.

## સોમનાથ મંદિર ટ્રસ્ટના એસ્ટેટ અધિકારી સુરૂભાસિંહ જાડેજાનો આજે નિવૃત્તિ વિદાય સમારંભ



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ પાટણ તા. ૩૧

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ છેલ્લા ૪૩ વર્ષથી ફરજનિષ્ઠ અને સમર્પિત સેવા બજાવતા એસ્ટેટ અધિકારી સુરૂભા જાડેજા આજે તા. ૩૧ જુલાઈનાં સાંજે ૬ વાગ્યે વયમર્યાદાના કારણે નિવૃત્ત થાય છે. સોમનાથ મિત્ર મંડળ તરફથી સાંજે સાગર દર્શન અતિથિગૃહ ખાતે વિદાય સમારંભ યોજવામાં આવશે.

## માણાવદરમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા. ૩૧

માણાવદરમાં અનસુયા ગૌધામ તથા અનસુયા અન્નક્ષેત્ર માણાવદર દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ ત્રયંમ્બકેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાો હતો. આ તકે અનસુયાબેન શેઠ, અરવિંદભાઈ લાડાણી અને ડોકટરોનાં હસ્તે કેમ્પ શરૂ થયેલ જેમાં ૪૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

## જૂનાગઢમાં જુગાર દરોડો : સાત ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩૧

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે તળાવ દરવાજા વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને રૂા. ૭૧૭૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## ગીર સોમનાથ જીલ્લા પોલીસવડાની નાગરિકો માટે નવતર પહેલ

# ગીર સોમનાથ જીલ્લાના નાગરીકો દર સોમવાર અને ગુરૂવારે પોલીસવડાને રૂબરૂ મળીને ક્રાઈમ સહિત પોલીસ વિભાગને લગતી ફરિયાદ કે રજુઆત કરી શકશે

### જીલ્લામાં ફરજ બજાવતા તમામ વર્ગના પોલીસકર્મીઓ પણ દર સોમવારે પોતાના પ્રશ્નોની રજુઆત કરી શકશે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩૧

ગીર સોમનાથ જિલ્લા પોલીસે લોકોની ફરીયાદો, રજુઆતો સાંભળીને તેના યોગ્ય સમયસર નિરાકરણ થાય તે માટે નવતર પહેલની શરૂઆત કરી છે. જેમાં હવે ગીર સોમનાથ જિલ્લાના તમામ તાલુકાના નાગરીકો પોલીસ અને ક્રાઈમને લગતી ફરીયાદ, રજુઆત કે અરજીઓ હોય તો તેઓ સીધા જ પોલીસવડાને રૂબરૂ મળીને રજુઆત કરી શકે તેવું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં જિલ્લાના નાગરીકો હવે દર અઠવાડીયાના સોમવાર અને ગુરૂવારના રોજ સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા દરમ્યાન પોલીસવડાને રૂબરૂ મળીને ફરીયાદ કે રજુઆત કરી શકશે.

ગીર સોમનાથ જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં ઘણી વખત ગુના, ચોરી કે મારામારી સહિતના તમામ પ્રકારના ગુનાઓ અંગે સમયસર કે ફરિયાદ નોંધવામાં વિલંબ થતો હોવાની લોકોમાંથી ફરીયાદો ઉઠે છે. તો અમુક કિસ્સાઓમાં કયારેક પોલીસ એફઆઈઆર નોંધવાના બદલે માત્ર અરજીથી જ કામ ચલાવતી હોવાની લોકો ફરીયાદ કરતા હોય છે. ત્યારે પોલીસની કામગીરીથી લોકોને સંતોષ થાય અને વિભાગનો વહીવટ લોકાભિમુખ બની રહે તે માટે જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ નવતર પહેલની શરૂઆત કરી છે. જેમાં તેઓ ખુદ લોકોની ફરીયાદ સાંભળીને નિરાકરણ લાવશે. આમ, હવે લોકો વિના સંકોચ અને ડર રાખ્યા વગર ફરીયાદ કે રજુઆત કરી શકે તે માટે પોલીસવડા ખુદ મેદાનમાં આવ્યા છે. હવેથી દર અઠવાડીયાના સોમવાર અને ગુરૂવારે સવારે ૧૧થી બપોરે ૨ દરમ્યાન જિલ્લા પોલીસ કચેરી (ઈણાંજ) ખાતે જિલ્લાના નાગરીકો પોતાના પોલીસને લગતા પ્રશ્નો, ફરીયાદ કે રજુઆત સીધી પોલીસવડાને રૂબરૂ મળીને કરી શકશે. આ કાર્યક્રમમાં દર સોમવારે નાગરીકોની સાથે સાથે જિલ્લામાં ફરજ બજાવતા તમામ વર્ગના પોલીસ કર્મચારીઓ, સિવિલિયન સ્ટાફ તથા આઉટસોર્સના કર્મીઓ કોઈપણ પૂર્વ મંજૂરી વગર પોતાની રજૂઆત-પ્રશ્નો બાબતે પોલીસવડાને રૂબરૂ મળી શકશે તેમ જાણવા મળેલ છે. ત્યારે આ



અંગે પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ ગીર સોમનાથ જિલ્લાના લોકોને કોઈપણ જાતની શહે શરમ રાખ્યા વગર ક્રાઈમ સહિત પોલીસ વિભાગને લગતી ફરિયાદ કે રજુઆત કરવા માટે રૂબરૂ આવવા અપીલ કરી છે.

# માળીયા હાટીના તાલુકાના વીરડી ગામે ચાર માસની બાળકીની હત્યાનો ભેદ ઉકેલી નાખતી પોલીસ

(રમેશ કારીયા દ્વારા)

અમરાપુર, તા.૩૧

માળીયા હાટીના તાલુકાના વીરડી ગામે ચાર માસ ૧૯ દિવસની બાળકી પ્રિસ્તા ઘરે ઘોડિયામાંથી ગુમ થયેલ રહસ્ય મય બાળકીનો ભેદ માળીયા હાટીના પોલીસ સ્ટાફે ગણતરીની કલાકમાં ઉકેલી આરોપી હત્યારી માતાની ધરપકડ કરી છે.

પોલીસમાંથી મળતી વિગત મુજબ માળીયાહાટીના વિરડી ગામે માતરવાણીયા ગામની સીમમાં આવેલ વાડી વિસ્તારમાં વસતા કારડીયા રાજપૂત હીરનભાઈ નાથાભાઈ પરમારની પુત્રી ઉંમર વર્ષ ચાર માસ ૧૯ દિવસની તેમની માતાએ ઘોળિયામાં સુવડાવી દીધા બાદ રહસ્યમય રીતે બાળકી ગુમ થતા બાળકીની માતા કીર્તિબેન પરમારે ઘોળિયામાંથી બાળકી ગુમ થયા અંગેની તેમના પરિવારજનોને વાંત કરતા પરિવાર દ્વારા બાળકીની શોધ ખોળ હાથ ધરતા બાળકી મળી ન આવેલ હોય ત્યારબાદ પરિવાર દ્વારા માળીયાહાટીના પોલીસને જાણ કરતા માળીયા હાટીના પી.એસ.આઈ. બી. કે. ચાવડા સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી આ ઘટના રહસ્યમય હોવાની શંકા જતા તાત્કાલિક એફએસએલ ડોગ સ્કોર વોર્ડને બોલાવી ઝીણવટભરી તપાસ હાથ ધરતા સમગ્ર ઘટનાની ટેકનીકલ તપાસ કરતા તેમની વાળીની બાજુમાં આવેલ વોકળામાંથી બાળકી પ્રિસ્તાનો મૃતદેહ મળી આવેલ પોલીસ દ્વારા બાળકીના મૃતદેહને માળીયાહાટીના સરકારી હોસ્પિટલ ખાતે પીએમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરતા બાળકીના મોત અંગેનું રહસ્ય ગણતરીની કલાકોમાં ઉકેલી નાખ્યું હતું અને બાળકીનું મોત ઘર કંકાસના કારણે તેમની માતાએ વોકાળાના પાણીના પ્રવાહમાં તણવી દીધાનું પોલીસ સમક્ષ કબુલાત આપતા માળીયાહાટીના પોલીસે આઈપીસી કલમ ૩૦૨ મુજબ માળીયાહાટીના વિરડી ગામની પ્રિસ્તાની માતા કીર્તિબેન ઉર્ફે કિર્તીબેન હીરેનભાઈ પરમારની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ સમગ્ર ઘટનામાં વન વિભાગ તેમજ એલસીબી સ્ટાફ તપાસમાં જોડાયો હતો. આ ઘટનાનો ભેદ ગણતરીની કલાકોમાં માળીયાહાટીના પોલીસે ઉકેલી લેતા સમગ્ર વિસ્તારમાં પોલીસની ભારે સરાહના થઈ રહી છે.

# કોડીનારમાં કોમીએકતાના માહોલ વચ્ચે મોહરમની પરંપરાગત ઉજવણી

### ૩૨ ફૂટ લાંબા અને ૩ ટન વજનના તાજીયા લોક આકર્ષકનું કેન્દ્ર બન્યા : આસુરાની ભારે શાનો શોકત સાથે આસ્થાભેર ઉજવણી : મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડયો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૩૧

શહીદે કરબલા હઝરત ઈમામ હુસેન રદી.ની શહાદતની યાદમાં કોડીનાર મુસ્લિમ સમુદાય દ્વારા પરંપરાગત રીતે મોહરમ પર્વની ભારે શાનો શોકત સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગઈકાલે કતલની રાતે કોડીનારના બન્ને મુખ્ય તાજીયા પડમાં આવ્યા બાદ મોડીરાત્રે સામૈયા સાથેનું ઝુલુસ કાદરી મસ્જીદ ચોકમાં આવી પહોંચ્યા બાદ 'બડેભાઈ'ના હુલામણા નામથી મશહુર કાપડના કલાત્મક તાજીયા રાત્રીના ૨ વાગ્યે તખ્ત ઊપરથી ઉપડ્યા બાદ આખી રાત ચોકારા સાથે શહેરના મુખ્ય માર્ગો ઉપર ફર્યા હતા. જયારે બુખારી મોહલ્લામાં કતલની રાતે ગમગીન માતમ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આશુરાના દિવસે ઝોહરની નમાઝ બાદ કોડીનારના મુખ્ય બન્ને તાજીયાઓનું વિશાળ ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. જેમાં શિઆ ઈસનાઅસરી સમાજ દ્વારા બુખારી મોહલ્લામાં બનાવવામાં આવતા 'છોટેભાઈ'ના હુલામણા નામથી મશહૂર ૩૨ ફૂટ લાંબા અને ૩ ટન જેટલું વજન ધરાવતાં ઉંચા કલાત્મક તાજીયા લોક આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બુખારી મોહલ્લામાં જયારે ઝોહરની નમાઝ બાદ તખ્ત ઉપરથી તાજીયા ઉપાડવામાં આવ્યા ત્યારે "યા હુસેન"ના નારા સાથે અદભુત દ્રશ્યો સર્જાયા હતા, ઝુલુસમાં શિઆ સમાજ દ્વારા ધારધાર ઝંઝીરો અને બ્લેડ વડે કરવામાં આવતું માતમ જોવા લોકો ઉમટી પડ્યા હતા, ૩૨ ફૂટ લાંબા છોટેભાઈ નામના તાજીયાને જયારે તેના પરંપરાગત રૂટ એવા ઊંચા ઢોરા ઉપરથી ઉતારવામાં આવ્યા ત્યારે પણ અદભુત નજારો જોવા મળ્યો હતો. આ તકે ઊંચા ઢોરા ઉપર મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડતાં સજજડ ટ્રાફિક જામ સર્જાયો હતો. કોડીનારના બન્ને મુખ્ય તાજીયાઓનું ઝુલુસ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી મોડી સાંજે મૂળદ્વારકાના દરીયામાં શાંત થયા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલા તાજીયાના ઝુલુસનું અનેક ઠેકાણે હિન્દૂ-મુસ્લિમ સમાજ દ્વારા સ્વાગત કરાયું હતું, ઝુલુસમાં હિન્દૂભાઈ-



બહેનો પણ મોટી સંખ્યામાં આસ્થાભેર જોડાયા હતા.

સમગ્ર ગુજરાતભરમાં મશહૂર કોડીનારના મોહરમના ઝુલુસમાં બહુ મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. સમગ્ર મોહરમના દિવસોમાં અને ઝુલુસ દરમ્યાન પી.આઈ. આર.એ.ભોજાણી અને પોલીસ તંત્ર દ્વારા સજજડ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઝુલુસ દરમ્યાન સજ્જડ બંદોબસ્ત સાથે ટ્રાફીક સહિતની પ્રસશનીય કામગીરી કરનાર પી.આઈ. આર.એ.ભોજાણી, પી.એસ.આઈ. બાંટવા, પી.એસ.આઈ. ચાવડા સહીતના પોલીસ સ્ટાફનો મુસ્લિમ સમાજ વતી કોડીનાર સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ ભીખુમિયાંબાપુ કાદરી અને જીશાનભાઈ નકવીએ ખાસ આભાર વ્યકત કર્યો હતો. મોહરમ નિમિતે ૧૦ દિવસ સુધી અનેક જગ્યાએ આમ ન્યાઝ, સબીલે હુસેન, તકરીરો, કુરાન ખવાની વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

# દ્વારકાધીશ જગત મંદિરના શિખર ઉપરનો ધ્વજદંડ તૂટયો

### વૈકલ્પિક જગ્યાએ ધ્વજારોહણ કરાયું



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૩૧

આશરે બે વર્ષ પહેલાં ચોમાસામાં દ્વારકાધીશ મંદિર ઉપર વીજળી પડતાં જગતમંદિરના શિખર ઉપર ધ્વજદંડ ક્ષતિગ્રસ્ત થયા બાદ રીપેરીંગ કાર્ય કરાયું હતું જોકે ધ્વજદંડનો ઉપરનો ભાગ અચાનક તુટી પડતાં ધ્વજદંડ પર ઉપરના ભાગે ધ્વજારોહણ શક્ય ન બનતાં હાલમાં રીપેરીંગ કાર્ય ન થાય ત્યાં સુધી વૈકલ્પિક જગ્યાએ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

# અહંકાર માનવીનો સૌથી મોટો શત્રુ છે


અહંકાર એટલે હુંપદ, તોર, મત્સર, તુમાખી, અભિમાન, ગુમાન, ઘમંડી વગેરે જેવા પર્યાયવાચી શબ્દો મૂકી શકાય. દુનિયાના તમામ વ્યક્તિઓને પોતાનું સ્વાભિમાન હોય છે એની ના નથી, પરંતુ જયારે તે સ્વાભિમાન અહંકારમાં પરિવર્તિત થઈ જાય ત્યારે તે વ્યક્તિનું પતન થઈ જાય છે. અહંકારી વ્યક્તિ શું સારૂ અને શું નરસું એ જાણવાની દરકાર કરતાં નથી અને પોતાને જ સર્વસ્વ સમજે છે અને સામેવાળી વ્યકિતને તુચ્છ, કાયર અને નિર્બળ ગણે છે. આવી વ્યકિતઓ મિથ્યા ગુમાનમાં રાચે છે અને પોતાના અહંકારી સ્વભાવને કારણે ગમે ત્યારે ગમે તે વ્યકિત સાથે નજીવા કારણસર ઝઘડો કરી નાંખે છે. આવા અહંકારી માણસો, પોતાના આવા અહંકારવાળા સ્વભાવને કારણે જ હાથે કરીને, એમનું પતન નોતરે છે. રાવણને એની સત્તા અને બાહુબળ ઉપર મિથ્યાગુમાન હતું વળી નવગ્રહો એનાં ગુલામ હતાં ઉપરથી દેવોએ એને જાતજાતના વરદાનો આપ્યાં હતાં એટલે એ સ્વચ્છંદી બની ગયો અને અહંકારના આવેશમાં સારાસારનો વિવેક ભૂલી ગયો અને માતા સીતા જેવી પવિત્ર, સુલક્ષણા અને પતિવ્રતાનું હરણ કરવાની કુચેષ્ટા કરી બેઠો અને સોનાની લંકા સમેત રાક્ષસ કુળનો સત્યાનાશ નોતરી બેઠો હતો. મથુરાના રાજા કંસે પોતાના પિતાને કેદ કર્યા હતાં અને પોતાનાં સાત ભાણેજડાઓને જન્મ થતાંની સાથે જ પોતાના હાથે પટકી પટકીને મારી નાંખ્યા હતાં. પરંતુ આઠમું સંતાન કૃષ્ણ ભગવાન બચી ગયાં હતાં અને નંદબાબાને ત્યાં ઉછરીને અહંકારી અને દુષ્ટ કંસરાયનો વધ કરીને મથુરા નગરીને આઝાદ કરાવી હતી. હિરણ્યકશિપુ એ પોતે મેળવેલાં વરદાનોનો દુરૂપયોગ સમગ્ર દેવગણને સતાવવા લાગ્યો હતો અને અહંકારના કેફમાં ભગવાન વિષ્ણુ સામે બાથ ભીડવા લાગ્યો એટલું જ નહીં પોતાનો પુત્ર પ્રહ્લાદ છે ભગવાન વિષ્ણુનો પરમ ભક્ત હતો એની ઊપર પણ હિરણ્યકશિપુએ જાતજાતના અત્યાચાર ગુજાર્યા હતા અને અંતે ભગવાને નૃસિંહ અવતાર ધારણ કર્યો અને હિરણ્યકશિપુનો વધુ કર્યો હતો. ભીમને પણ પોતાની શક્તિ ઉપર ગજબનું ઘમંડ હતું પરંતુ હનુમાનજીએ એનું અભિમાન ઉતારી નાંખ્યું હતું. વીર, પરાક્રમી અને મહા બાણાવળી અર્જુને મહાભારતના યુદ્ધમાં એકલે હાથે ૧૮ અક્ષૌહિણી કૌરવોની સેનાને હણી નાંખી હતી પરંતુ યુદ્ધ પૂરૂ થયા બાદ પોતાના ગાંડીવ ધનુષ્ય સાથે કોઈ કારણસર જંગલમાંથી પસાર થતો હતો, તે સમયે કિરાત નામના એક લૂંટારાએ અર્જુનને પડકાર્યો હતો અને યુદ્ધમાં હરાવીને લૂંટી લીધો હતો તેથીજ કહેવત પડી કે " સમય બડા બલવાન હૈ, નહીં પુરુષ બલવાન, કાબે અર્જુન લૂંટચો, નહીં ધનુષ્ય વહી બાણ". પાવાગઢના પતાઈ રાજાએ સત્તાના મદમાં અંધ બનીને મહાકાળી માતાજીનો હાથ પકડ્યો હતો અને મહાકાળી માતાએ પોતાનું વિકરાળ સ્વરૂપ ધારણ કરીને પતાઈ રાવળને ભયંકર પરચો બતાવી દીધો હતો.

આમ તમે ઈતિહાસનાં પાને પાનાં ફેંદી નાંખશો તો તમોને આવી અવનવી ઘણી ન સાંભળેલી વાતો જાણવા મળશે, પરંતુ દરેક વાતનો સાર એ છે કે કોઈ પણ વ્યકિતએ અહંકારી બનવું નહીં. પરશુરામ મુનિએ પોતાના અહંકારને કારણે આ પૃથ્વીને ૨૧ વખત નક્ષત્રિય (ક્ષત્રિય વિહોણી) કરી નાંખી હતી. અહંકારી વ્યકિત પોતે તો દુ:ખી થાય છે, પરંતુ સામાવાળાને પણ દુ:ખી કરે છે. અમુક જ્ઞાની મુનિઓ અને મહાત્માઓ અહંકારને એક ખાઈ સમાન ગણે છે. તેઓ જણાવે છે કે, કોઈ વ્યકિત ભુલથી મોટી ખાઈ કે ખીણમાં પડી જાય તો પણ ઈશ્વરની એના ઉપર કૃપા હોય તો એ વ્યકિત મોતનાં મુખેથી ઉગરી (બચી) જાય છે. પરંતુ અહંકારી વ્યકિત એક વખત નફરતની ખાઈમાં પડી જાય, પછી એ કોઈ કાળે એમાંથી બહાર આવી શકતો નથી. આમ અહંકાર એજ માનવજાતનો બહું મોટો શત્રુ ગણાય છે.

**- યોગેશભાઈ આર જોશી, હાલોલ (જિ.પંચમહાલ)**



ડોકટરે મનાઈ નથી કરી, મોંઘુદાટ થતા અમેજ તેલ ખાવાનું બંધ કર્યું છે..!



આપણે ભીક્ષાનો બીજનેશ રીએ છીએ, માટે બેકાર ન ગણાઈએ !



આયોજન પંચમાં છો ને ? પક્ષને મજબુત કરવાનું આયોજન કેમ નથી ફાવતું ?!..

# ભારતે બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ ઉપર શા માટે પ્રતિબંધ મૂક્યો અને તે અમેરિકનોને કેવી રીતે અસર કરશે ?



નવી દિલ્હી તા.૩૧

તાજેતરમાં ભારત સરકારે દેશમાં અસ્થિર છૂટક કિંમતોને સ્થિર કરવા માટે બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ ઉપર "તાત્કાલિક અસરથી" પ્રતિબંધની જાહેરાત કરી હતી. આ પગલાથી આફ્રિકા, એશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સના દેશોમાં પણ ચિંતા વધી છે અને વૈશ્વિક સ્તરે ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો થવાની ધારણા છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે ૨૦ જુલાઈના રોજ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારતીય બજારમાં બિન-બાસમતી સફેદ ચોખાની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને સ્થાનિક બજારમાં ભાવમાં થયેલા વધારાને રોકવા માટે આ પગલું લીધું છે. આ પ્રતિબંધથી માત્ર વૈશ્વિક સ્તરે ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો થવાની અપેક્ષા નથી, પરંતુ યુ.એસ.માં ખાદ્ય પુરવઠા ઉપર દબાણ આવશે અને વિયેતનામ અને થાઈલેન્ડ જેવા ચોખાની નિકાસ કરતા દેશો પર બોજ પડશે.

**શા માટે સરકારે બાસમતી ચોખા ઉપર પ્રતિબંધ મૂક્યો ?**

દેશમાં વધતી જતી સ્થાનિક કિંમતોને રોકવા માટે નિકાસ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચોખાના સ્થાનિક ભાવમાં વધારો થઈ રહ્યો છે. રિટેલ ભાવમાં એક વર્ષમાં ૧૧.૫% અને પાછલા મહિનામાં ૩% વધારો થયો છે. નિકાસના પ્રતિબંધનો હેતુ ભારતીય બજારમાં બિન-બાસમતી સફેદ ચોખાની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને સ્થાનિક બજારમાં ભાવમાં થયેલા વધારાને ઘટાડવાનો છે. ઉત્તર ભારતમાં ચોખા ઉત્પાદક રાજ્યોમાં ભારે ચોમાસાના વરસાદ અને દેશના અન્ય ભાગોમાં વરસાદની અછત જેવા અણધાર્યા હવામાન ફેરફારોને કારણે દેશમાં ચોખાના ઉત્પાદનને ફટકો પડ્યો હતો. ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક અઠવાડિયામાં ભારે વરસાદને કારણે પંજાબ અને હરિયાણામાં નવા વાવેલા પાકને નુકસાન થયું છે અને ઘણા ખેડૂતોને ફરીથી રોપણી કરવી પડી છે. અન્ય ચોખા ઉગાડતા રાજ્યોમાં, ખેડૂતોએ ડાંગરની નર્સરીઓ તૈયાર કરી છે પરંતુ અપૂરતા વરસાદને કારણે રોપાઓ રોપવામાં અસમર્થ છે. દેશમાંથી નિકાસ થતા કુલ ચોખાના લગભગ ૨૫ ટકા નોન-બાસમતી સફેદ ચોખાનો હિસ્સો છે અને નોન-બાસમતી ચોખા ઉપરના પ્રતિબંધથી દેશમાં ભાવમાં ઘટાડો થશે.

**ક્યા દેશો પ્રભાવિત થવાની સંભાવના છે?**

ડેટા એનાલિટિક્સ ફર્મ ગ્રો ઈન્ટેલિજન્સે એક અહેવાલમાં જણાવ્યું હતું કે, ભારત તમામ વૈશ્વિક ચોખાના શિપમેન્ટમાં ૪૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, તેથી આ નિર્ણય ચોખાની આયાત ઉપર નિર્ભર દેશોમાં ખાદ્ય અસુરક્ષાને વધારી શકે છે. જે દેશો ઉપર પ્રતિબંધ લાગવાની સંભાવના છે તેમાં આફ્રિકન રાષ્ટ્રો, તુર્કી, સીરિયા અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે, જેઓ પહેલાથી જ ઊંચા ખાદ્યપદાર્થ- મૂલ્ય ફુગાવા સાથે સંઘર્ષ કરી રહ્યા છે. ભારતીય ચોખાના કેટલાક ટોચના ખરીદદારોમાં બેનિન, સેનેગલ, આઈવરી કોસ્ટ, ટોગો, ગિની, બાંગ્લાદેશ અને નેપાળ જેવા દેશોનો પણ સમાવેશ થાય છે. મંત્રાલયે જણાવ્યું હતું કે વૈશ્વિક માંગને કારણે બીજા ક્વાર્ટરમાં બિન-બાસમતી સફેદ ચોખાની ભારતીય નિકાસ વાર્ષિક ધોરણે ૩૫ ટકા વધી છે. ભારતે ગયા વર્ષે ૧૦.૩ મિલિયન ટન નોન-બાસમતી સફેદ ચોખાની નિકાસ કરી હતી અને ચોખાના ત્રણ અબજથી વધુ ગ્રાહકો છે અને એશિયામાં લગભગ ૯૦ ટકા પાકનું ઉત્પાદન થાય છે. થાઈલેન્ડ, વિયેતનામ, પાકિસ્તાન અને યુએસ જેવા દેશો પાસે ચોખાનો પૂરતો પુરવઠો નથી. કિંમતો ઉપર લગામ લગાવવા માટે ભારતે ગત વર્ષે ઘઉં અને ખાંડની નિકાસ ઉપર અંકુશ લગાવી દીધો હતો.

**અમેરિકનોને શું અસર થઈ શકે છે ?**

ભારતમાં નિકાસ પ્રતિબંધની ઘોષણા થતાં જ, તમામ જાતોની ચોખાની થેલીઓ યુ.એસ.માં દુકાનોમાંથી ગાયબ થઈ ગઈ હતી, કારણ કે એશિયન સમુદાયો કે જેઓ ચોખાને મુખ્ય ખોરાક તરીકે લે છે, તેઓ સ્ટોર્સમાં ઉમટી પડ્યા હતા. ધ ફ્ન્ટલાઈનના અહેવાલ મુજબ, ઓહાયોમાં ભારતીય ઉત્પાદનો વેચતા સ્ટોરના માલિકે ગ્રાહકોને તેમની ખરીદીને માથાદીઠ ૨૦-પાઉન્ડ બેગ (૯.૦૭ કિલો) સામાન્ય સફેદ ચોખા સુધી મર્યાદિત રાખવાનું કહીને રેશનિંગ લાગુ કર્યું, જેની કિંમત $24 છે. બાસમતી સહિત ચોખાની તમામ જાતો પ્રતિબંધના બીજા દિવસે થોડા કલાકોમાં તે વેચાઈ ગઈ હતી. દરમ્યાન ટેક્સાસ જેવા યુએસના અન્ય રાજ્યોમાં, કિંમતોમાં વધારો કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. ટેક્સાસમાં એક ખરીદદારે કહ્યું કે તેણે ૩૪ ડોલરમાં સફેદ ચોખાની ૨૦ પાઉન્ડની થેલી ખરીદી હતી. જો કે, બંદરો ઉપર રહેલા અને નિકાસ માટે મંજૂર થયેલ શિપમેન્ટ અટકશે નહીં.

# EPFO ની IT સિસ્ટમ નબળી પડી રહી છે, સોફ્ટવેરની ધીમી ગતિથી કિંમતી સમય વેડફાય છે : અધિકારીઓએ કેન્દ્રને પત્ર મોકલ્યો

નવી દિલ્હી તા.૩૧

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO)ના અધિકારીઓએ કેન્દ્ર સરકારને અસામાન્ય અને ગંભીર પત્ર લખ્યો છે. તેઓએ તેમની અર્વાચીન પણ "ખામીયુક્ત" સોફ્ટવેર સિસ્ટમ્સને ઠીક કરવામાં અને જૂના સર્વર્સના રિપ્લેસમેન્ટને અંતિમ સ્વરૂપ આપવામાં નિષ્ક્રિયતાની નિંદા કરી છે. આ સારવાર જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં કામ કરવાનું બંધ કરશે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ભૂપેન્દ્ર યાદવ સાથેની તેમની વાતચીતમાં, અધિકારીઓએ EPFOના સભ્યોના પેન્ડિંગ દાવાઓ અને ફરિયાદોમાં તીવ્ર વધારો દર્શાવ્યો હતો અને આ પરિસ્થિતિ વધુ ખરાબ થવાની સંભાવના હોવાનો સંકેત આપતા, તેઓએ કહ્યું કે તેમના નિયંત્રણ બહારના મુદ્દાઓ માટે તેમને જવાબદાર ઠેરવવા જોઈએ નહીં. તેમણે કહ્યું કે, નવા સર્વર અને હાર્ડવેરની ખરીદીમાં વિલંબ એ EPFO અને તેના સભ્યો માટે હાનિકારક હશે. EPF ઓફિસર્સ એસોસિએશન (EPFOA)એ નિર્દેશ કર્યો છે કે તેઓ રૂા.૨૧ લાખ કરોડના જંગી કોર્પસ સાથે ૨૫ કરોડ કર્મચારીઓના PF ખાતાઓ જાળવે છે. જો કે, EPFO પાસે IT નું બજેટ ઓછું છે, જેમાંથી અડધો ભાગ કમ્પ્યુટર અને પ્રિન્ટર જેવા હાર્ડવેર પર ખર્ચવામાં આવે છે, જ્યારે સોફ્ટવેર ડેવલપમેન્ટ ઉપર ભાગ્યે જ ધ્યાન આપવામાં આવે છે. EPFO પાસે સ્પષ્ટ IT નીતિઓ અથવા માનવ સંસાધનોનો અભાવ છે, બેન્કો અથવા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ નેટવર્ક અને આવકવેરા વિભાગથી વિપરીત તેમની પાસે આધુનિક સોફ્ટવેર નથી. શ્રી યાદવની અધ્યક્ષતામાં EPFOના ટ્રસ્ટી મંડળ તેના IT પડકારોથી વાકેફ છે. બોર્ડે માર્ચ ૨૦૨૨ માં તેની મીટિંગમાં શ્રમ સચિવની આગેવાની હેઠળ IT મુદ્દાઓની પેનલની ભલામણોને સમર્થન આપ્યું હતું. દુર્ભાગ્યે, આ ભલામણોના અમલીકરણ ઉપર કોઈ પ્રગતિ થઈ નથી. હેડક્વાર્ટર અને ફિલ્ડ ઓફિસના વરિષ્ઠ અધિકારીઓનું EPFOનું આંતરિક ઓફિશિયલ વૉટ્સએપ ગ્રૂપ સોફ્ટવેરની ધીમી કાર્ય-સ્પીડને કારણે કિંમતી સમયનો બગાડ કરે છે અને ક્લેમ પેન્ડન્સીના સ્તરમાં વધારો થવાનું કારણ બને છે તે અંગે ફિલ્ડ ઓફિસની મદદ માટેની ફરિયાદો અને વિનંતીઓ દૈનિક ધોરણે વધી રહી છે. ફિલ્ડ ઓફિસો સોફ્ટવેર સ્પીડ ધીમી છે એવી ફરિયાદ કરે છે, ત્યારે હેડ ઓફિસ દ્વારા તેમને આપવામાં આવેલ જવાબ એ છે કે ડેટાબેઝમાં ક્લેમ પ્રોસેસિંગના અતિશય લોડને કારણે સિસ્ટમ ધીમી ચાલી રહી છે. તેઓએ નોંધ્યું છે કે ઘણા ફિલ્ડ ઓફિસના કર્મચારીઓ નિયમિતપણે શનિવાર અને રજાઓમાં પણ કામ કરે છે. મંત્રીના તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરતા EPFOAએ ભારપૂર્વક જણાવ્યું છે કે સભ્યોના દાવાઓ અને તેના પરિણામે ફરિયાદોની પેન્ડન્સી વધી રહી છે. આ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, દાવાઓની પેન્ડન્સીમાં આવા કોઈપણ વધારા માટે સંપૂર્ણ રીતે ફિલ્ડ ઓફિસોને જવાબદાર ગણવું એ સંપૂર્ણપણે ગેરવાજબી છે. વધુમાં, ક્ષેત્રમાં અધિકારીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે, કચેરીઓમાં એક દિવસનો વિક્ષેપ પેન્ડન્સી પર અસર કરે છે તે માત્ર મનસ્વી અને અયોગ્ય જ નહીં, પરંતુ EPFO અધિકારીઓ અને કર્મચારીઓનું મનોબળ પણ ઓછું કરે છે જેઓ આવા મુશ્કેલ સંજોગોમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યા છે.

# LOC અંગે રાજનાથ સિંહની ટિપ્પણી ઉપર પાકિસ્તાને કાશ્મીરનો રાગ આલાપ્યો



નવી દિલ્હી તા.૩૧

ભારત પોતાના હિતોની રક્ષા કરવા માટે જરૂર પડી તો લાઈન ઓફ કંટ્રોલ પણ ક્રોસ કરી શકે છે તેમ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કારગીલ વિજય દિવસ નિમિત્તે દ્રાસમાં યોજાયેલા એક સમારોહમાં કહ્યું હતું. ત્યારબાદ આ મામલે પાકિસ્તાને પણ જવાબ આપ્યો છે. તેણે આ મામલે કાશ્મીરનો મુદ્દો ઊઠાવ્યો હતો. પાકિસ્તાને આ દરમ્યાન ઐતિહાસિક, કાનૂની અને નૈતિક કારણો આપતાં જમ્મુ-કાશ્મીર ઉપર ભારતના દાવાને પડકાર્યો હતો. પાકિસ્તાને કહ્યું કે યુએનની સુરક્ષા પરિષદના આધારે જ આ મામલે કોઈ નિર્ણય થવો જોઈએ. તેમાં લોકશાહીની પ્રક્રિયાનું પાલન કરવામાં આવે. તેના માટે કોઈપણ પ્રકારની ઉશ્કેરણીજનક કાર્યવાહી યુએનની સમજૂતીનું ઉલ્લંઘન ગણાશે. રાજનાથ સિંહના નિવેદનના કારણે પાકિસ્તાનને બરાબર મરચા લાગી ગયા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, ભારતના આક્રમક નિવેદનો આ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા માટે ખતરો બની રહ્યા છે. દક્ષિણ એશિયામાં વ્યૂહાત્મક માહોલ તેના કારણે અસ્થિર બની શકે છે. આવુ પહેલી વખત નથી થયુ કે ભારતના નેતાઓ અને સૈન્ય અધિકારીઓ દ્વારા બેજવાબદાર નિવેદનો અપાયા હતા. આ પ્રકારની આંધળી રાષ્ટ્રવાદી નિવેદનબાજી બંધ થવી જોઈએ. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે શેખી હાંકતા કહ્યુ હતુ કે, ભારતની નેતાગીરી યાદ રાખે કે પાકિસ્તાન કોઈ પણ આક્રમણ સામે પોતાની રક્ષા કરવા માટે સક્ષમ છે. ચૂંટણીમાં ફાયદો મેળવવા માટે તેમજ રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપવા માટે ભારતના નેતાઓ પાકિસ્તાનને પોતાના નિવેદનોમાં ઘસેડે છે અને આ પ્રકારનુ વલણ ખતમ થાય તે જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, રાજનાથસિંહે કહ્યુ હતુ કે, કારગિલ યુદ્ધ જીત્યા પછી પણ ભારતે લાઈન ઓફ કંટ્રોલ ક્રોસ નહોતી કરી. કારણ કે ભારત શાંતિપ્રિય દેશ છે. જે આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવા માટે પ્રતિબદ્ધ છે. પણ અમારા હિતોની રક્ષા કરવાની જરૂર પડશે તો અમે કોઈ પણ હદ સુધી જઈ શકીએ છે અને તેમાં એલઓસી ક્રોસ કરવાની કાર્યવાહી પણ સામેલ છે.

# યુનેસ્કોએ શાળાઓમાં સ્માર્ટફોન ઉપર પ્રતિબંધ મૂકવાનું સમર્થન કર્યું

(એજન્સી) તા.૩૧

યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (યુનેસ્કો)એ શૈક્ષણિક સેટિંગ્સમાં ડિજિટલ ઉત્પાદનોને અપનાવવા માટે બિનજરૂરી ઉતાવળ માટે ચેતવણી આપી છે, અને નોંધ્યું છે કે "શિક્ષણમાં ડિજિટલ ટેક્નોલૉજીના મૂલ્ય અંગે ઓછા પુરાવા છે અને અમુક પુરાવા ફોન વેચવાનો પ્રયાસ કરનારાઓ દ્વારા આપવામાં આવે છે. પિયર્સને પોતાના અભ્યાસ માટે ભંડોળ પૂરૂં પાડ્યું, સ્વતંત્ર વિશ્લેષણ દર્શાવે છે કે તેના ઉત્પાદનોની કોઈ અસર થઈ નથી. વધુ પડતો સ્ક્રીન સમય અને બાળકના શૈક્ષણિક પ્રદર્શન અને ભાવનાત્મક સ્થિરતા વચ્ચે નકારાત્મક પુરાવા છે. યુ.એન.ની સંસ્થાના ગ્લોબલ એજ્યુકેશન મોનિટરિંગ રિપોર્ટ ૨૦૨૩, જેનું શીર્ષક 'ટેક્નોલોજી ઈન એજ્યુકેશનઃ એ ટૂલ ઓન હૂઝ ટર્મ્સ' છે એ એવી પરિસ્થિતિઓમાં શાળાઓમાં સ્માર્ટફોન ઉપર પ્રતિબંધ મૂકવાનું સમર્થન કર્યું છે જ્યાં ટેક્નોલોજી એકીકરણ શિક્ષણમાં સુધારો કરતું નથી અથવા જો તે વિદ્યાર્થીઓની સુખાકારીને વધુ બગાડે છે. તે કહે છે કે, મોબાઈલ ઉપકરણની નિકટતા વિદ્યાર્થીઓને વિચલિત કરવા અને તેમના ભણતર ઉપર નકારાત્મક અસર કરે છે, અમુક શાળાઓએ સ્માર્ટફોનના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂક્યો છે. આ સંશોધન અભ્યાસો દર્શાવે છે કે, શાળાઓમાંથી મોબાઈલ ફોન ઉપર પ્રતિબંધ મૂકવાથી શૈક્ષણિક કામગીરીમાં સુધારો થાય છે. બાળકો માટે સ્માર્ટફોનના ઉપયોગને પ્રતિબંધિત કરવાના તર્કની વિગતો આપતા, આ અહેવાલમાં ૨ થી ૧૭ વર્ષની વયના યુવાનોના અભ્યાસને ટાંકવામાં આવ્યો હતો જે દર્શાવે છે કે વધુ સ્ક્રીન સમય સુખાકારીને અસર કરે છે; બાળકોમાં ઓછી જિજ્ઞાસા, સ્વ-નિયંત્રણ અને ભાવનાત્મક સ્થિરતા; અસ્વસ્થતા; અને



ડિપ્રેશનનું પણ નિદાન કરવામાં આવ્યું છે. આ રિપોર્ટમાં મૂળભૂત શિક્ષણના ઉચ્ચ ખર્ચને પણ દર્શાવવામાં આવ્યો છે અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લીધે આ ખર્ચ વધે છે અને ઓછી આવક ધરાવતા દેશોમાં આ અસમાનતા સમસ્યાને વધુ બગાડી શકે છે. શિક્ષણમાં ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગની બીજી મુખ્ય ચિંતા આવા બાળકોની ગોપનીયતા હતી. બાળકોનો ડેટા જાહેર કરવામાં આવી રહ્યો છે, માત્ર ૧૬% દેશો કાયદા દ્વારા શિક્ષણમાં ડેટા ગોપનીયતાની સ્પષ્ટ ખાતરી આપે છે. એક વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે રોગચાળા દરમ્યાન ભલામણ કરાયેલ ૧૬૩ શિક્ષણ તકનીક ઉત્પાદનોમાંથી ૮૯% બાળકોનું સર્વેક્ષણ કરી શકે છે. વધુમાં, ૪૨ માંથી ૩૯ સરકારો રોગચાળા દરમ્યાન ઓનલાઈન શિક્ષણ આપતી સરકારો એવા ઉપયોગો કરે છે જે બાળકોના અધિકારોનું જોખમ અથવા ઉલ્લંઘન કરે છે. ડિજિટલ ટેક્નોલૉજીના ઉપયોગ અંગેના નિર્ણયોની વાત આવે ત્યારે સરકારોને આ અહેવાલમાં વિનંતી કરવામાં આવી હતી કે તેઓ બાળ ડેટા સંરક્ષણ કાયદાઓ અને બાળકો માટે અનુરૂપ જવાબદારી મિકેનિઝમ્સ સુનિશ્ચિત કરે.

# મણિપુરમાં બળાત્કાર, અત્યાચારના અનેક કિસ્સાઓ, અનેક મહિલાઓએ FIR નોંધાવી, તેઓએ હિંસાની ભયાનકતાનું વર્ણન કર્યું : ગ્રાઉન્ડ રિપોર્ટ

(એજન્સી) તા.૩૧

એશિયાના સૌથી મોટા મહિલા-સંચાલિત એમા માર્કેટથી લઈને 'મીરા પાએબી' જેવા બૌદ્ધિક જૂથો સુધી, મણિપુરમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ ભારતના અન્ય રાજ્યો માટે એક બોધપાઠ છે. ૨૦૦૪માં રાજ્યમાં ૩૨ વર્ષીય થંગજામ મનોરમા પર બળાત્કાર અને હત્યા કરવામાં આવ્યા પછી શેરીઓમાં વિરોધ કરતી નગ્ન મહિલાઓની વાયરલ તસવીરોને કોઈ ભૂલી શકશે નહીં. હવે, આ મહિલાઓ ફરી એકવાર હિંસાગ્રસ્ત રાજ્યના કેન્દ્રમાં છે. એક ટોળાએ બે કુકી મહિલાઓને નગ્ન પરેડ કરી અને પછી તેમના ઉપર હુમલો કર્યાનો એક વાયરલ વીડિયોએ સમગ્ર વિશ્વમાં ભારે આક્રોશ જગાવ્યો છે અને ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે કેવી રીતે નિર્બળ મહિલાઓ અને બાળકો આવા ઝઘડાનો ભોગ બને છે. ન્યૂઝ૧૮ એ હિંસા પીડિતો સાથે વાત કરવા અને તેમની સ્થિતિ સમજવા માટે વિવિધ રાહત શિબિરો સહિત ગ્રાઉન્ડ ઝીરો પ્રવાસ કર્યો હતો. ચુરાચંદપુર રાહત શિબિરમાં, ૩૦ વર્ષીય હિંગબોલ તેણીના ગર્ભાવસ્થાના અંતિમ દિવસોને યાદ કરે છે. તે કહે છે કે, મારી ગર્ભાવસ્થાના છેલ્લા કેટલાક દિવસો દયનીય હતા. હું મને બળાત્કાર અને હત્યાથી બચાવવા અને મારા ગર્ભમાં રહેલા બાળકને બચાવવા એક જંગલથી બીજા જંગલમાં ભાગી રહી હતી. અંતે, હું રાહત શિબિરમાં પહોંચવામાં સફળ રહી હતી. મારૂ ઘર બળી ગયું હતું. મારી પાસે મારા બાળક માટે પૂરતું દૂધ પણ નથી કારણ કે હું કુપોષિત છું. હું આશા રાખું છું કે મારા બાળક માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવશે. આ શિબિરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખરાબ છે અને ગામડાના સ્વયંસેવકો અને શિબિર આયોજકો સંઘર્ષ કરી રહ્યા છે. તેમનું તાત્કાલિક ધ્યેય અસ્તિત્વની ખાતરી કરવાનું છે. રાહત શિબિરમાં સ્વયંસેવક ક્રિસ્ટીન એ ન્યૂઝ૧૮ને જણાવ્યું કેઃ અમે મૂળભૂત સુવિધાઓની વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. સ્થિતિ સારી નથી પરંતુ અમારી પાસે કોઈ વિકલ્પ નથી. અહી યુદ્ધ જેવી સ્થિતિ છે. અમે શું કરી શકીએ છીએ ? ચુરાચંદપુર શિબિરમાં ૨૦૦થી વધુ લોકો છે, જેમાં ઘણા નાના બાળકોનો સમાવેશ થાય છે. ન્યૂઝ૧૮ દ્વારા તપાસ કરવામાં આવતા મોટાભાગના બાળકોએ કહ્યું કે તેઓ શાળાએ જતા નથી કે અભ્યાસ કરતા નથી. સુવિધાઓના અભાવ ઉપરાંત, હવે બીજો ભય એ છે કે બાળકો હિંસાની ભાષા શીખી રહ્યા છે કારણ કે તેઓ આત્યંતિક પરિસ્થિતિઓમાં જીવવા માટે મજબૂર છે. હિંગબોલની વાર્તા કોઈ એક જ કેસ નથી. ચુરાચંદપુરની રાહત શિબિરમાં, ૩૫ વર્ષીય ચાર બાળકોની માતાના પતિને જ્યારે તેણે ટોળાને શાંત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેને સળગાવી દેવામાં આવ્યો હતો. ન્યૂઝ ૧૮ સાથે વાત કરતા, બોઈ સીએ કહ્યું કે કોઈએ તેને જાણ કરી કે તેના પતિની હત્યામાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે પરંતુ તેને હજુ



સુધી તેની નકલ મળી નથી. હું મારા ચાર બાળકો સાથે ક્યાં જઈશ? હું શું કરીશ? મને તેનો મૃતદેહ પણ મળ્યો નથી. હિલ ઓર્ગેનાઈઝેશન સેક્રેટરી ગિન્ઝોના જણાવ્યા અનુસાર, ૨૭ મહિલાઓએ કેસ દાખલ કર્યા છે. કેટલાક બળાત્કારના છે, જ્યારે અન્ય હત્યાના છે. અમે તેમને સહાય આપવાનો પ્રયાસ કરી રહ્યા છીએ પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં, એફઆઈઆર એક સમસ્યા છે. આ સંઘર્ષમાં મહિલાઓ અને બાળકો સૌથી વધુ અસરગ્રસ્ત છે. ઘાટીમાં પણ પરિસ્થિતિ અલગ નથી. ઈમ્ફાલના પેલેસ ગ્રાઉન્ડમાં આવેલી સરકારી કોલેજ હવે રાહત શિબિર છે. ન્યૂઝ૧૮એ ત્રણ મહિલાઓ બસંતી, રિનીતા અને નંદકિશોરી સાથે મુલાકાત કરી જેઓ મે મહિનાની હિંસાની ભયાનકતા વર્ણવતા કહ્યું કે, અમે ભયમાં જીવીએ છીએ. અમે ભયાનક વિડિયો જોઈને ચોંકી ગયા છીએ અને તેની નિંદા કરીએ છીએ પરંતુ આવી અન્ય ઘટનાઓ પણ છે. આ શિબિરમાં તેઓ અમને બધું આપે છે પણ ઘર તો ઘર છે ને? અમારી મહિલાઓ ઉપર પણ અત્યાચાર થયો છે. વૃદ્ધ મહિલાઓએ તેમના પુત્રોને તેમની આંખો સામે મરતા જોયા છે. મહિલાઓ તેમના ગામોની રક્ષા પણ કરે છે. ખીણમાં, 'મીરા પાએબી' કુકી અને મેઈતેઈ વિસ્તારો વચ્ચેના સરહદ વિસ્તારોની રક્ષા કરે છે. વિષ્ણુપુરના પાબી સભ્ય મીનુએ કહ્યું કે, અમે વાહનોની તપાસ કરીએ છીએ કારણ કે તેમાં હથિયારો હોય છે. અમારે અમારા સ્ત્રી-પુરૂષોને બચાવવાનાં છે.૨ જ્યારે કોઈ વ્યક્તિ ચૂરાચંદપુરમાં પ્રવેશ કરે છે ત્યારે ટેકરીઓ ઉપર કુકી મહિલાની ચેક-પોસ્ટ છે. એક સ્વયંસેવકે કહ્યું કેઃ અમે સવારે ૫ થી સાંજના ૫ વાગ્યા સુધી ફરજ પર છીએ. તે પછી, છોકરાઓ ગામની રક્ષા કરે છે. અમે આધાર કાર્ડ તપાસીએ છીએ. અન્ય એક મહિલા નેતાએ કહ્યું કેઃ બળાત્કાર અથવા છેડતી કરવાથી તેઓને શા માટે ઉચ્ચ લાગણી થાય છે. મણિપુરના રાહત શિબિરોની મુલાકાત દર્શાવે છે કે મહિલાઓએ ૨૧મી સદીમાં પણ સંઘર્ષમાં સૌથી વધુ અસરગ્રસ્ત હોય છે.

# બેકારી, ગરીબી, મોંઘવારી અને ભ્રષ્ટાચાર દેશની મોટી સમસ્યા

નવી દિલ્હી, તા.૩૧

દેશમાં વધી રહેલી બેરોજગારીથી આજના યુવાનો સૌથી વધુ ચિંતિત છે. યુવાનો માને છે કે આજે તેમના માટે સૌથી મોટી સમસ્યા અભ્યાસ બાદ નોકરી શોધવાની છે. પહેલાની સરખામણીમાં આજે નોકરી શોધવી ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે. તેનું મુખ્ય કારણ છે હાલમાં ઓછી નોકરીઓનું સર્જન થઈ રહ્યું છે. તે જ સમયે, માત્ર ૫ ટકા યુવાનો ઉચ્ચ શિક્ષણ માટે વિજ્ઞાનને પસંદ કરી રહ્યા છે. લોકનીતિ-સીએસડીએસ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં આ બાબતો સામે આવી છે. આ સર્વે ૧૮ રાજ્યો જેમાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, મધ્ય પ્રદેશ, તમિલનાડુ, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત, અને દિલ્હીમાં કર્યો હતો. ૧૫થી ૩૪ વર્ષની વયના ૯૩૧૬ યુવાનો વચ્ચે કરવામાં આવ્યું. સર્વે માટે ફિલ્ડવર્ક નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૨૨માં કરવામાં આવ્યું હતું. આ સર્વેમાં જ્યારે યુવાનોને દેશની સૌથી મોટી સમસ્યા વિશે પૂછવામાં આવ્યું તો તેઓએ બેરોજગારીને ટોચ ઉપર મૂકી. સર્વેમાં સામેલ ૩૬ ટકા યુવાનોએ બેરોજગારીને સૌથી મોટી સમસ્યા ગણાવી છે. ૧૬ ટકા યુવાનો ગરીબીને સૌથી મોટી સમસ્યા માને છે. ૧૩ ટકા યુવાનોએ કહ્યું કે, તેમના માટે મોંઘવારી સૌથી મોટી સમસ્યા છે. સર્વેમાં સામેલ ૬ ટકા યુવાનોએ ભ્રષ્ટાચારને સૌથી મોટી સમસ્યા ગણાવી હતી. ૪ ટકા યુવાનોના મતે ઓનલાઈન શિક્ષણ એક મોટી સમસ્યા છે. તે જ સમયે, ૪ ટકા યુવાનોના મતે વધતી વસ્તી એ એક મોટી સમસ્યા છે. સર્વેમાં સામેલ ૧૮ ટકા લોકોએ કોઈ જવાબ આપ્યો નથી. સર્વેમાં યુવાનોને અભ્યાસના ક્ષેત્ર અંગે તેમની પસંદગી વિશે પૂછવામાં આવ્યું હતું. સર્વેમાં સામેલ એક તૃતીયાંશ એટલે કે ૩૫ ટકા યુવાનોએ આર્ટસ/હ્યુમેનિટીઝને અભ્યાસ માટે તેમની પ્રથમ પસંદગી હોવાનું જણાવ્યું. સર્વેમાં સામેલ ૨૦ ટકા યુવાનોએ વિજ્ઞાનમાં રસ દાખવ્યો હતો. ૮ ટકા યુવાનોએ કોમર્સને તેમની પસંદગી હોવાનું જણાવ્યું હતું. નોંધનીય છે કે સર્વેક્ષણમાં સામેલ યુવાનોમાંથી માત્ર ૫ ટકાએ જ વિજ્ઞાન/ ટેક્નોલોજીને પોતાની પસંદગી ગણાવી છે, જ્યારે ૧૬ ટકા યુવાનોએ મિશ્ર વિષયોને તેમની પસંદગી હોવાનું જણાવ્યું છે. સર્વેમાં યુવાનોને સરકારી કે ખાનગી નોકરીમાંથી કોઈ એકની પસંદગી કરવાનું કહેવામાં આવ્યું હતું. સર્વેમાં સામેલ ૬૧ ટકા યુવાનોએ સરકારી નોકરીને તેમની પ્રાથમિકતા ગણાવી હતી. ૨૭ ટકા યુવાનોએ પોતાનો બિઝનેસ, સાહસ અથવા સ્ટાર્ટ અપ શરૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. માત્ર ૬ ટકા યુવાનો ખાનગી નોકરી કરવા ઈચ્છતા હતા. સર્વેમાં સામેલ યુવાનોને કોરોના સમયગાળા દરમ્યાન ઓનલાઈન ક્લાસ અને ઓનલાઈન અભ્યાસ દરમ્યાન આવતી સમસ્યાઓ વિશે પૂછવામાં આવ્યું હતું. તેમાંથી ૩૯ ટકા યુવાનોએ નબળી ઈન્ટરનેટ કનેક્ટિવિટીને મોટી સમસ્યા ગણાવી હતી.

## આવો વિપક્ષે કેટલી વાર રજૂ કર્યો અવિશ્વાસ પ્રસ્તાવ?..

# સૌથી વધુ ઈન્દિરા ગાંધી વિરુદ્ધ રજૂ થયો હતો અવિશ્વાસ પ્રસ્તાવ

નવીદિલ્હી,તા.૩૧

ભારતના ઈતિહાસમાં અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની પ્રક્રિયા દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના સમયમાં શરૂ થઈ હતી. ૧૯૬૩માં આચાર્ય કૃપાલાનીએ પંડિત જવાહરલાલ નેહરુ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવની તરફેણમાં માત્ર ૬૨ વોટ જ પડ્યા હતા, જ્યારે અવિશ્વાસના પ્રસ્તાવની વિરુદ્ધમાં ૩૪૭ વોટ પડ્યા હોવાનું સમાચાર એજન્સી પીટીઆઈએ જણાવ્યું છે. આ પછી ઈન્દિરા ગાંધી અને અટલ બિહારી વાજપેયી સહિત અનેક વડાપ્રધાનોને અવિશ્વાસ પ્રસ્તાવનો સામનો કરવો પડ્યો હતો. ઈતિહાસની વાત કરીએ તો, અવિશ્વાસ પ્રસ્તાવ ઉપર થયેલા મતદાનમાં હારી જવાને કારણે ત્રણ વડાપ્રધાનોએ, રાજીનામું આપવું પડ્યું હતું. વાસ્તવમાં જો અવિશ્વાસ પ્રસ્તાવ પર મતદાનમાં સરકારનો પરાજય થાય છે તો વડાપ્રધાન સહિત સમગ્ર મંત્રી પરિષદને રાજીનામું આપવું પડે છે. આવી સ્થિતિમાં, શું તમે જાણો છો કે કયા વડાપ્રધાનને કેટલી વખત અવિશ્વાસ પ્રસ્તાવનો સામનો કરવો પડ્યો છે? અવિશ્વાસના પ્રસ્તાવથી સરકાર પડી શકે ખરા? નહિ માની શકાય ને, અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાને કારણે ૧૯૯૦માં વીપી સિંહની સરકાર પડી ગઈ હતી. ૧૯૯૭માં એચ ડી દેવગૌડાની સરકાર અને ૧૯૯૯માં અટલ બિહારી વાજપેયીની સરકાર પણ અવિશ્વાસના પ્રસ્તાવ પર બહુમતી મેળવી ના શકવા બદલ પડી ગઈ. નવેમ્બર ૧૯૯૦માં વીપી સિંહ વિરુદ્ધ ઠરાવ લાવવામાં આવ્યો હતો. આ દરમિયાન ભાજપે રામ મંદિરના મુદ્દે સમર્થન પાછું ખેંચ્યું હતું. આ પ્રસ્તાવની તરફેણમાં ૩૪૬ વોટ પડ્યા હતા, જ્યારે અવિશ્વાસના પ્રસ્તાવની વિરુદ્ધમાં ૧૪૨ વોટ પડ્યા હતા. વર્ષ ૧૯૯૭માં એચડી દેવગૌડા



વિરુદ્ધ લાવવામાં આવેલા ઠરાવમાં ૨૯૨ સાંસદોએ સરકાર વિરુદ્ધ મતદાન કર્યું હતું. અને ૧૫૮ સાંસદોએ સરકારને સમર્થન આપ્યું હતું. તે જ સમયે, ૧૭ એપ્રિલ, ૧૯૯૯ ના રોજ અટલ બિહારી વાજપેયી અવિશ્વાસ પ્રસ્તાવમાં એક મતથી હાર્યા હતા. આવું એટલા માટે થયું કારણ કે AIADMKએ પોતાનું સમર્થન પાછું ખેંચી લીધું હતું. પ્રથમ અવિશ્વાસ પ્રસ્તાવ ક્યારે લાવવામાં આવ્યો તમને જણાવીએ તો, ઓગસ્ટ ૧૯૬૩માં આચાર્ય કૃપાલાનીએ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવી હતી. આ અંગેની ચર્ચા બાદ તેની તરફેણમાં માત્ર ૬૨ વોટ પડ્યા હતા જ્યારે તેની વિરુદ્ધમાં ૩૪૭ વોટ પડ્યા હતા.

લાલ બહાદુર શાસ્ત્રી સામે અવિશ્વાસ પ્રસ્તાવ ક્યારે લાવવામાં આવ્યો? જો તે જણાવીએ તો, ૨ સપ્ટેમ્બર ૧૯૬૪ના રોજ, એનસી ચેટર્જીપ લાલ બહાદુર શાસ્ત્રી સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યા. આના પર મતદાન ૧૮ સપ્ટેમ્બરના રોજ થયું હતું પરંતુ ચેટર્જી લાલ બહાદુર શાસ્ત્રીની સરકારને તોડી પાડવામાં નિષ્ફળ રહ્યા હતા. આ પછી માર્ચ ૧૯૬૫ અને ઓગસ્ટ ૧૯૬૫ના રોજ લાલ બહાદુર શાસ્ત્રી વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો, પરંતુ જે લોકો પ્રસ્તાવ લાવ્યા હતા તેઓ એક પણ વખત સફળ થઈ શક્યા ન હતા. ઈન્દિરા ગાંધી વિરુદ્ધ એક થી વધુ એમ કેટલી વાર અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો? જો તમને જણાવીએ તો, ઈન્દિરા ગાંધી વિરુદ્ધ સૌથી વધુ એટલે કે ૧૫ વખત અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. જ્યારે ઈન્દિરા ગાંધી પહેલીવાર PM બન્યા ત્યારે તેઓ રાજ્યસભાના સાંસદ હતા. સીપીઆઈ સાંસદ હિરેન્દ્રનાથ મુખર્જી ઓગસ્ટ ૧૯૬૬માં તેમની વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યા હતા. ૨૭૦ સાંસદોએ તેના સમર્થનમાં મતદાન કર્યું જ્યારે ૨૭૦ સાંસદોએ તેનો વિરોધ કર્યો. આ પછી, નવેમ્બર ૧૯૬૬ માં, ભારતીય જનસંઘના નેતાઓ તેમની વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યા, પરંતુ તે પણ સફળ થઈ શક્યા નહીં. અટલ વિહારી વાજપેયીએ પણ તેમની સામે અવિશ્વાસનો પ્રસ્તાવ મૂક્યો હતો પરંતુ સફળ થયા ન હતા. નવેમ્બર ૧૯૬૭, ફેબ્રુઆરી ૧૯૬૮ અને નવેમ્બર ૧૯૬૮માં પણ ઈન્દિરા ગાંધી વિરુદ્ધ ફરી એકવાર અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો. આ સિવાય ફેબ્રુઆરી ૧૯૬૯, જુલાઈ ૧૯૭૦, નવેમ્બર ૧૯૭૩ અને મે ૧૯૭૪માં પણ તેમની વિરુદ્ધ દરખાસ્ત લાવવામાં આવી હતી. ફરી મે ૧૯૭૫માં ઈન્દિરા ગાંધી સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો. તેમની સામે મે ૧૯૮૧, સપ્ટેમ્બર ૧૯૮૧ અને ઓગસ્ટ ૧૯૮૨માં પણ આવા જ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. ઈન્દિરા ગાંધીની સરકાર કોઈપણ અવિશ્વાસની દરખાસ્તમાં ગઈ ન હતી. તે જ સમયે, મોરારજી દેસાઈએ ૧૯૭૯ માં અવિશ્વાસ પ્રસ્તાવનો સામનો કર્યા વિના પીએમ પદ છોડી દીધું હતું. આ પછી ડિસેમ્બર ૧૯૮૭માં સી. માધવ રેડ્ડી રાજીવ ગાંધીની સરકાર વિરુદ્ધ ઠરાવ લાવ્યા, પરંતુ તે સફળ ન થઈ શક્યા. ત્યારબાદ જુલાઈ ૧૯૯૨માં બીજેપી નેતા જસવંત સિંહ પીવી નરસિમ્હા રાવ વિરુદ્ધ ઠરાવ લાવ્યા. આના પર મતદાન ૧૭ જુલાઈ ૧૯૯૨ના રોજ થયું હતું. ૨૨૫ સાંસદોએ પ્રસ્તાવની તરફેણમાં અને ૨૭૧ સાંસદોએ વિરોધમાં મતદાન કર્યું હતું. આ વર્ષે ડિસેમ્બર મહિનામાં અટલ વિહારી વાજપેયી પીવી નરસિમ્હા રાવ સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યા હતા. જેમાં ૨૧ કલાકની ચર્ચા બાદ ૧૧૧ લોકોએ પ્રસ્તાવના સમર્થનમાં જ્યારે ૩૩૬ સાંસદોએ તેના વિરોધમાં વોટિંગ કર્યું હતું. આ પછી ફરીથી પીવી નરસિમ્હા રાવને જુલાઈ ૧૯૯૩માં તેનો સામનો કરવો પડ્યો હતો. અહીં પણ તેઓ જીત્યા અને પીએમ રહ્યા. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અટલ વિહારી વાજપેયી વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યા હતા. ૧૮૯ સાંસદોએ તેના સમર્થનમાં જ્યારે ૩૧૪એ તેની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. બીજી તરફ મનમોહન સિંહના દસ વર્ષના કાર્યકાળમાં તેમની વિરુદ્ધ એક પણ ઠરાવ લાવવામાં આવ્યો ન હતો.

# ગુજરાતમાં ઈ- ટૂ વ્હીલરના રજીસ્ટ્રેશનમાં બે મહિનામાં ૫૮.૨૩ ટકાનો ઘટાડો

અમદાવાદ, તા.૩૧

એકતરફ કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગ માટે નાગરિકોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે. આ પહેલા કેન્દ્ર સરકારે ઈલેક્ટ્રિક વાહનો માટે સબસિડીની પણ જાહેરાત કરી હતી. જો કે ૧ જૂન ૨૦૨૩થી ઈલેક્ટ્રિક ટૂ વ્હીલર પરની સબસિડી ઘટાડી દીધી છે. જેના પગલે ગુજરાતમાં બે જ મહિનામાં ઈલેક્ટ્રિક ટૂ વ્હીલરનું પ્રમાણ ૫૮.૨૩ ટકા ઘટી ગયુ છે. લોકસભામાં આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ૧ જૂન, ૨૦૨૩ના રોજ અથવા તે પછી નોંધાયેલા ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સને લાગુ પડતી FAME-II (ફાસ્ટર એડોપ્શન ઓફ મેન્યુફેક્ચરિંગ ઓફ ઈલેક્ટ્રિક વ્હીકલ ઈન ઈન્ડિયા) યોજના હેઠળ આપવામાં આવતી સબસિડીમાં ઘટાડો કર્યો છે.

ઈ-ટૂ વ્હીલરની સબસીડીમાં ઘટાડા અંગે ભારે ઉદ્યોગમંત્રાલયે ફેરફાર અંગે એક નોટિફિકેશન બહાર પાડ્યું હતુ. જે અંતર્ગત ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર માટે ડિમાન્ડ ઈન્સેન્ટિવ તરીકે આપવામાં આવતી સબસિડી ૧૫૦૦૦ રૂપિયા પ્રતિ કિલોવોટ કલાકથી ઘટાડીને ૧૦૦૦૦ રૂપિયા પ્રતિ કિલોવોટ કલાક કરવામાં આવી હતી. ત્યારે ઈલેક્ટ્રીક ટૂ વ્હીલરમાં અપાતી સબસીડીમાં કરેલા ઘટાડાની સીધી અસર જૂન મહિનામાં ઈલેક્ટ્રીક ટૂ વ્હીલરની ખરીદી પર સ્પષ્ટ દેખાઈ. લોકસભામાં રજૂ કરાયેલા આંકડા અનુસાર ગુજરાતમાં છેલ્લા બે મહિનામાં ઈલેક્ટ્રિક વ્હીકલના રજિસ્ટ્રેશનમાં ૫૮.૨૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. એટલે કે મે મહિનામાં થયેલી ૯૬૨૪ ઈલેક્ટ્રીક ટૂ વ્હીલરની નોંધણી સામે જૂન મહિનામાં માત્ર ૪૦૧૯ ઈલેક્ટ્રીક ટૂ વ્હીલરની નોંધણી થઈ છે. મહત્વનું છે કે થોડા મહિનાઓ પહેલા જ કેન્દ્ર સરકારે ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર માટેની પ્રોત્સાહન મર્યાદા એક્સ-ફેક્ટરી કિંમતના ૪૦ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરી છે. સબસિડી ઘટાડવાનો બોજ સીધો ગ્રાહકના ખિસ્સા ઉપર જોવા મળી શકે છે.એક અંદાજ મુજબ ટુ વ્હીલરની કિંમત ૨૫-૩૫ હજાર રૂપિયા મોંઘી થઈ શકે છે.

# લેઉવા પાટીદાર સમાજના ૪૦૦૦ થી વધુ વડીલો તીર્થયાત્રા ઉપર નીકળશે

મહેસાણા, તા.૩૧

૪૦૦૦ પાટીદાર સિનિયર સિટીઝન સાથેની એશિયા ખંડની સૌથી મોટી તીર્થયાત્રાનો પ્રારંભ થયો છે. શંખલપુરથી નીકળેલી તીર્થયાત્રા દ્વારકા, સોમનાથ થઈ રવિવારે ખોડલધામ પહોંચશે. શંખલપુર મંદિરે ૬૦૦૦ લોકોની હાજરીમાં સમૂહ આરતીથી દિવ્ય માહોલ રચાયો છે. એક સાથે ૪,૦૦૦થી વધુ સિનિયર સિટીઝન્સ સાથેની પાટીદાર સમાજની સમગ્ર એશિયાખંડની સૌથી મોટી અને વિરાટ તીર્થયાત્રાનો આજે શુક્રવારે સાંજે મા બહુચરના ધામ શંખલપુરથી પ્રારંભ થયો હતો. આ પહેલાં ગ્રામજનો દ્વારા વડીલોનું ભવ્યાતિભવ્ય સામૈયા સાથે સ્વાગત કરાયું હતું. બાળાઓ દ્વારા પુષ્પવર્ષા કરાઈ હતી. જયારે રાત્રે મા બહુચરના મંદિરે ધ્વજારોહણ બાદ મહાઆરતીથી દિવ્ય માહોલ રચાયો હતો. ૪૨ લેઉવા પાટીદાર યુવા સંગઠન દ્વારા આયોજિત આ ઐતિહાસિક તીર્થયાત્રામાં વડીલોને લાવવા લઈ જવા માટે ૧૧૫ સ્લીપિંગ કોચ લક્ઝરી સામેલ છે, ૮૫૦થી વધુ સ્વયંસેવકોની ટીમ સાથે છે. તીર્થયાત્રા શનિવારે સવારે દ્વારકા પહોંચશે. જ્યાં દિવસની છેલ્લી ધજા કે જેનું ખૂબ મહત્વ છે તે વડીલો દ્વારા ચડાવવામાં આવશે. ત્યાર બાદ દરિયાકિનારે વડીલ વંદના અને લોકડાયરો યોજાશે. રવિવારે સવારે સોમનાથ મહાદેવના દર્શન કરી સાંજના કાગવડ ખોડલધામ ખાતે દર્શન અને ધજારોહણ બાદ વડીલો પરત વતન ફરશે. તીર્થયાત્રા એકસાથે ત્રણ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામશે ૧૩૦૦ કિલોમીટરની સામુહિક સિનિયર સિટીઝન તીર્થયાત્રા એશિયાખંડની સૌથીમોટી અને ઐતિહાસિક હોવાથી આયોજક બેતાલીસ લેઉવા પાટીદાર યુવા સંગઠનને ઈન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ, એશિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને ઈન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. ઉત્તર ગુજરાતના ૫૩ ગામોમાં ફેલાયેલા ૪૨ લેઉવા પાટીદાર સમાજના વડીલોતીર્થયાત્રા પર નીકળશે. ૬૦ થી વધુ વર્ષના વડીલો માટે આ તીર્થયાત્રાનું આયોજન કરાયું છે. જેમાં ૪૦૦૦ થી વધુ વડીલો જોડાશે. આ તમામ વડીલોને શંખલપુર ટોડા બહુચર માતામંદિરથી દ્વારકા, સોમનાથઅને ખોડલધામની યાત્રા કરાવશે. જે પાટીદારોના મહત્વના ધાર્મિક સ્થાનો છે. ૨૮થી ૩૦ જુલાઈ ત્રિદિવસીય તીર્થયાત્રાનું ૪૨ લેઉવા પાટીદાર યુવાસંગઠન, પાટણ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

યાત્રાની મોટા ભાગની તૈયારીઓ થઈ ગઈ છે. આ તીર્થયાત્રા રેકોર્ડબ્રેક બની રહેશએ. ૨૮ જુલાઈના રોજ પાટણ અને મહેસાણા જિલ્લાના પાટીદાર સમાજના ૫૩ અલગ અલગ ગામોમાંથી સાંજે ૪.૦૦ લકઝરી બસો ઉપડશે. આ માટે દ્વારકામાં ખાસ આયોજન કરાયું છે. જેમાં વડીલોનું સન્માન કરાશે. આ પ્રસંગે લોકડાયરો પણ યોજાશે. યાત્રામાં ઉંમર પ્રમાણે કેટેગરી બનાવવામાં આવી છે.

## ગુજરાતમાં ૧ થી ૪ ઓગસ્ટ દરમ્યાન G20 એમ્પાવર સમિટ યોજાશે

# કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી, શ્રીમતિ સ્મૃતિ ઈરાની જી-૨૦ એમ્પાવર ડિજીટલ ઈન્કલુઝન પ્લેટફોર્મ લોન્ચ કરશે

## ૨થી ૪ ઓગસ્ટ દરમ્યાન ગાંધીનગરમાં મહિલા સશક્તિકરણ ઉપર જી૨૦ મિનિસ્ટ્રીયલ કોન્ફરન્સ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારતે જી-૨૦નું પ્રમુખપદ સંભાળ્યું ત્યારથી, સમગ્ર દેશમાં વિવિધ બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ભારતની જી-૨૦ પ્રેસિડેન્સી એક ઐતિહાસિક બાબત પણ છે, કારણ કે તે આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન ઘટિત થઈ રહી છે. ગુજરાતમાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ, અત્યાર સુધી જી-૨૦ની મહત્વપૂર્ણ બેઠકો ન સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૨૦ના પ્રમુખપદ હેઠળ, 'મહિલાની આગેવાની દ્વારા વિકાસ' કેવી રીતે થાય, તે ભારતની પ્રાથમિકતા રહી છે. મહિલા ૨૦ જ એન્ગેજમેન્ટ ગ્રુપનો ઉદ્દેશ્ય એક એવી દુનિયા બનાવવાનો છે જ્યાં દરેક મહિલા ગૌરવ સાથે જીવન જીવે અને અન્ય લોકોની સાથે તેના જીવનમાં પણ પરિવર્તન લાવે.

ભારતના G20 પ્રમુખપદ દરમિયાન વિવિધ મહત્વપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં ગુજરાતની સક્રિય ભાગીદારી રહી છે, જે વૈશ્વિક સહયોગ અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વેપાર અને નાણાંથી લઈને પર્યાવરણ, પર્યટન અને શહેરી વિકાસ સુધી, વૈશ્વિક પડકારોનો સામનો કરવા અર્થપૂર્ણ ચર્ચાઓ અને સહયોગને પ્રોત્સાહન આપવામાં ગુજરાત મોખરે રહ્યું છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે જી૨૦ એમ્પાવર સમિટ ૧થી ૪ ઓગસ્ટ દરમિયાન યોજાશે અને ૨થી ૪ ઓગસ્ટ દરમિયાન મહિલા સશક્તિકરણ ઉપર જી૨૦ મિનિસ્ટરીયલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેની થીમ 'વિમેન લેડ ડેવલપમેન્ટ : એન્સ્યોરીંગ અ સ્સટેનેબલ, ઈક્લુઝીવ એન્ડ ઈક્વીટેબલ ગ્લોબલ ઈકોનોમિક ગ્રોથ એન્ડ 'વિમેન-લેડ ઈક્લુઝીવ ડેવલપમેન્ટ એઝ કસ્પ ઓફ ઈન્ટર-જનરેશનલ ટ્રાન્સફોર્મેશન'' છે.

વિશ્વભરમાંથી ૬૦૦ થી વધુ પ્રતિનિધિઓ આ બેઠકોમાં સામેલ થશે. અમુક મહિલા મંત્રી, ભારત અને વિદેશના જાણીતા વક્તા, ૨૨૦ એમ્પાવર ડેલીગેટ્સ અને વિવિધ વૈશ્વિક સંસ્થાઓના પ્રતિનિધિ આ બેઠકોમાં જોડાશે.

ભારતની જી૨૦ પ્રેસિડેન્સી હેઠળ એમ્પાવર સમિટ ૩૧મી જુલાઈના રોજ ૨૨૦ એમ્પાવરના અધ્યક્ષ ડૉ. સંગીતા રેડ્ડી, FICCI અને અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝેસ લિ.ના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર, અને બોટ ઈન્ડિયા (TBC)ના સહ-સ્થાપક અને સીએમઓ, અમન ગુપ્તા સાથે ચર્ચાથી શરૂ થશે. ત્યારબાદ રાત્રિ ભોજન અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

મુખ્ય કાર્યક્રમ પહેલી ઓગસ્ટના રોજ શરૂ થશે, જેમાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ તેમજ લઘુમતી બાબતોના મંત્રી શ્રીમતિ સ્મૃતિ ઈરાની અને જી૨૦ શેરપા ૨૨૦ એમ્પાવર ડિજીટલ ઈક્લુઝન પ્લેટફોર્મ લોન્ચ કરશે. ઉદ્ઘાટન સમારોહમાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સચિવ શ્રી ઈન્દેવર પાંડે; ૨૨૦ એમ્પાવરના અધ્યક્ષ ડૉ. સંગીતા રેડ્ડી; યુએન વુમનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, સિમા બાહૌસ તેમજ વિશ્વ બેંકના વાઈસ પ્રેસિડેન્ટ, લક્ષ્મી શ્યામ સુંદર સહિતના વિશેષ મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ત્યારબાદ, પ્લેનરી સેશન યોજાશે જેમાં આદિત્ય બિરલા સેન્ટર ફોર કોમ્યુનિટી ઈનિશિયેટિવ્સ એન્ડ રૂરલ ડેવલપમેન્ટના અધ્યક્ષ તેમજ FICCI સીએસઆર અને કમ્યુનિટી ડેવલપમેન્ટ કમિટીના ચેરપર્સન, શ્રીમતિ રાજશ્રી બિરલા, SIDBIના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, શિવસુબ્રમણ્યમ રામન તેમજ હિન્દુસ્તાન યુનિલીવરના ભૂતપૂર્વ સીઈઓ અને એમડી અને FICCIના ભૂતપૂર્વ અધ્યક્ષ, સંજીવ મહેતા સંબોધન કરશે.

વિવિધ વિષયો ઉપર પાંચ-પેનલ ચર્ચાઓ પણ યોજાશે, જેમાં નીચે મુજબના વિષયો સામેલ છે

૧. લીડીંગ ધ ચેન્જઃ મહિલા નેતૃત્વને પુનઃવ્યાખ્યાયિત કરવું,

૨. મહિલાઓની નાણાકીય સમાનતાને આગળ વધારવા માટે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ફાયદો લેવો,

૩. ક્લોઝિંગ ધ ગેપઃ એચીવીંગ ટેક્વીટી ફોર વિમેન,

૪. શી-પ્રિન્યોર્સઃ મહિલાઓની આગેવાની હેઠળના સાહસોની શક્તિનો ઉપયોગ અને

૫. લીડરશીપ અનપ્લગ્ડ : પ્રેરણાદાયી નેતાઓ દ્વારા સશક્તિકરણ વાર્તાઓ.

આ સત્રોમાં વિશ્વભરની વિવિધ સંસ્થાઓના વિવિધ મહાનુભાવોની હાજરી જોવા મળશે, જેમાં યુએન વિમેન, SIDBI, FICCI, બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન, એચયુએલ, વોકાર્ડ હોસ્પિટલ્સ, ધ ફિમેલ ક્વોશન્ટ, બ્રિક્સ વિમેન બિઝનેસ અલાયન્સ, ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક અફેયર્સ- ભારત સરકાર, આફ્રિકા કોન્ટિનેન્ટલ ફ્રી ટ્રેડ એરિયા સેક્રેટરિઆટ, યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI), સુમિતોમો મિતુસી ટ્રસ્ટ બેંક, સેપ લેબ્સ ઈન્ડિયા, ટીસીએસ, માઈક્રોસોફ્ટ ઈન્ડિયા, લિંકડીન ઈન્ડિયા, ન્યાકા ફેશન, ડા મિલાનો, સેફેક્યુકેટ, ફિકી લેડીઝ ઓર્ગેનાઈઝેશન, બાયોટીક, ગ્રો સપ્લાયર ઝેડએ, બિઝનેસ ઈન ધ કમ્યુનિટી, ભારત હોટેલ્સ લિમિટેડ, કાઈનેટિક ગ્રીન એનર્જી એન્ડ પાવર સોલ્યુશન્સ લિમિટેડ, અમેરિકામાં ભારતના ભૂતપૂર્વ રાજદૂત, આઈસીઆઈસીઆઈ બેંક, સેલ્સફોર્સ ઈન્ડિયા, અપોલો હોસ્પિટલ્સ અને ટાઈમ્સ નેટવર્કનો સમાવેશ થાય છે. ૨૨૦ એમ્પાવર વર્કિંગ ગ્રુપના તમામ અધ્યક્ષ અને સહ-અધ્યક્ષના સન્માન સમારોહ સાથે સમિટ સમાપ્ત થશે.

મહિલા સશક્તિકરણ અંગેની જી૨૦ મિનિસ્ટરીયલ કોન્ફરન્સ

૨ ઓગસ્ટના રોજ કોન્ફરન્સના પ્રથમ દિવસની શરૂઆત એક પ્રદર્શનથી થશે, જેનું ઉદ્ઘાટન મહિલા અને બાળ વિકાસ મંત્રી દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ પાંચ મંત્રી સ્તરીય સત્રોમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ સત્રો નીચેના વિષયો પર યોજવામાં આવશે.

૧. શિક્ષણ, મહિલા સશક્તિકરણ માટે એક પરિવર્તનકારી માર્ગ

૨. મહિલા સશક્તિકરણ માટે ડિજિટલ કૌશલ્ય

૩. શિક્ષણ અને STEM

૪. મહિલાઓ માટે કૌશલ્યની તકો

૫. વિમેન ઈન ઈમર્જીંગ ટેક્નોલોજીસ

૩ ઓગસ્ટના બીજા દિવસે વહેલી સવારે માઈન્ડફુલનેસ ધ્યાન સત્ર યોજાશે. ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન વિવિધ વિષયો ઉપર મંત્રી સ્તરની ચર્ચાઓ થશે; તેમાં વિમેન એન્ડ સ્પેસ, સંસ્કૃતિ અને મહિલા સશક્તિકરણની શક્તિ, ક્લાઈમેટ રેઝીલ્યન્સ એક્શન-ઈમ્પેક્ટ ઓન વિમેન્સ હેલ્થ એન્ડ ફાર્મિંગ, વિમેન એન્ડ ગર્લ્સ એઝ ચેન્જમેકર્સ ઈન ક્લાઈમેટ રેઝીલ્યન્સ એક્શન, ગ્રાસરૂટમાં નેતૃત્વને પ્રોત્સાહન આપવા માટે ભાગીદારી અને મહિલા સાહસિકતા અને એન્ટરપ્રાઈઝ સહિતના વિષયોનો સમાવેશ થાય છે.

પ્રતિનિધિઓ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન પર નિર્માણ કરવામાં આવેલ દાંડી કુટીર મ્યુઝિયમની મુલાકાત લેશે. સાંસ્કૃતિક કાર્યક્રમ અને ગુજરાતી વાનગીઓથી ભરપૂર રાત્રિ ભોજન દ્વારા તેમને ગુજરાતની સંસ્કૃતિનો પરિચય કરાવવામાં આવશે. મહેમાનોને ગિફ્ટ સિટીની મુલાકાતે પણ લઈ જવામાં આવશે તેમજ તેઓ અમદાવાદ હેરિટેજ વોકમાં પણ સામેલ થશે. મહાત્મા મંદિર ખાતે મહાનુભાવોની ઉપસ્થિતિમાં હસ્તાંતરણ સમારોહ સાથે મહિલા સશક્તિકરણ પર ૨૨૦ મંત્રી સ્તરીય કાર્યક્રમની આ બેઠક સમાપ્ત થશે.

# ભવનાથ વિસ્તારમાં સાયલન્ટ ઝોન લાગુ કરવા સંતોની બુલંદ માંગણી

## ભવનાથથી સીધી અન્ય શહેરોની એસટી બસ સેવા શરૂ કરવા પણ માંગ



જૂનાગઢતા. ૩૧ તિર્થોની નગરી એવા ભવનાથ ક્ષેત્રમાં સાયલન્ટ ઝોન લાગુકરવાની માંગણી સંતોદ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત જ્યાં દેશભરના ભાવિકો અને પ્રવાસી જનતા આ ક્ષેત્રમાં આવે છે તેવા પાવનકારી પવિત્ર ભૂમિ એવા ભવનાથ ક્ષેત્રથી સિધ્ધી જ બસસેવા અન્ય શહેરોની જોડતી શરૂ કરવામાં આવે તેવી પણ માંગણી ઉઠી છે.

તાજેતરમાં જ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને તેમની સરકાર દ્વારા ભવનાથ અને ગિરનાર ક્ષેત્રના વિકાસ માટે મોટુ પેકેજ જાહેર કરવામાં આવેલ છે અને જેને લઈને ભવનાથનો સર્વાંગી વિકાસ અને ગિરનાર ક્ષેત્રનાં વિકાસની નવી દિશા ખુલી છે. દરમ્યાન ભવનાથ ખાતે આવેલા અવધૂત આશ્રમ અને શ્રી પંચનામ જુના અખાડાના શ્રી મહંત મહાદેવગીરી બાપુ ગુરૂશ્રી સરસ્વતી માતાજીએ એક વાતચીતમાં જણાવ્યું હતું કે, જૂનાગઢનજીક આવેલું ભવનાથ ક્ષેત્ર કે જયાં સંતોના નિવાસ છે, સંતોના આશ્રમો આવેલા છે અને સાધનામાં સંતો રહી અને સેવાકીય કાર્યો કરી રહેલ છે. આ ક્ષેત્રમાં દેશભરની ભાવિકજનતા દર્શનાર્થે આવે છે. અને પવિત્ર વાતાવરણનો અનુભવ કરે છે. ત્યારે ભવનાથ તિર્થક્ષેત્રમાં એક સારૂ થી એસટી બસ સ્ટેશન બનાવવાની ખાસ જરૂર છે.

એટલું જ નહી અહીં આવનારા પ્રવાસી જનતાને ગુજરાતના અન્ય શહેરોને જોડતી બસ સેવા કે જે સિધ્ધી ભવનાથથી જે તે શહેરોને જોડતી સેવા શરૂ કરવામાં આવે તો ભાવિકોને ખુબ જ રાહત રહેશે. આ ઉપરાંત સંતોની શાંતિમાં અને સાધનામાં ખલેલ ન પહોંચે તે માટે આ વિસ્તારમાં સાયલન્ટ ઝોન લાગુ કરવાની માંગણી કરી છે. તેમજ આ વિસ્તારને વેઝ ઝોન કરવાની પણ માંગણી કરી છે.

# કેશોદ : કાર વેચાણ કરી આપી રૂા. ૪ લાખની છેતરપીંડીની નોંધાતી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદતા. ૩૧

કેશોદમાં રહી નિવૃત જીવન ગાળતા માલદેભાઈ મેરામણભાઈ નંદાણીયાએ જુની બોલેરો કાર વેચી નવી આઈ ટવેન્ટી કાર ખરીદવા તેમણે અન્ય વ્યકિત મારફત મોરબીના મુકેશ રણમલભાઈ શેઢીયાનો સંપર્ક કરી તેમને જુની કાર વેચી જે કાઈ રકમ ઉપજે તે રકમ બાદ કરી બાકીની રકમ લોનાથીચુકવી આપી તવી કાર ખરીદવા વાત કરી હતી. જેમાં પંજાબચંદીગઢના શો રૂમ ઉપરથી આઈ ટવેન્ટી નવી કાર રૂા. ૧૨.૩૩ લાખમાં ખરીદવાનું નકકી કરાયું હતું. હવે જુની કાર વેંચવાની વાત ચાલતા મોરબીના મુકેશ શેઢીયાએ રાજકોટના મયુર પ્રવિણભાઈ ગોહેલનો સંપર્ક કરાવી કાર જોયા પછી કિંમત નકકી ક્રવા સહમતી સધાઈ હતી. તે મુજબ રાજકોટના મયુરે કેશોદ આવી કાર જોઈ રૂા. ૪.૦૫ લાખની કિંમત નકકી કરી હતી જે કિંમત કાર માલીકને યોગ્ય લાગતા કારનો સોદો નકકી થયો હતો. બાદમાં મયુર નામનો શખ્સ કાર વેંચાણ થશે કે તુરત રકમ ચુકવી આપશે તેવો વિશ્વાસ આપી કાર લઈ ગયો હતો. આ બાજુ કેશોદના કાર માલીકે જુની કારનુ પેમેન્ટ બાદ કરી રૂા. ૮.૨૮ લાખ કેશોદ એસબીઆઈ બેંક મારફત પંજાબના ચંદીગઢ ખાતે કાર શો રૂમને ચુકવી આપ્યા હતાં. પરંતુ પેમેન્ટ ન ચુકવતા શો રૂમ દ્વારા કાર આપવામાં આવી ન હતી. જુદા જુદા બહાના બતાવી ૪ મહીના જેવો સમય પસાર કરવા છતાં રકમ ન ચુકવતાં કાર માલીકે પંજાબના કાર શો રૂમને બાકીનુ પેમેન્ટ ચુકવી નવી કાર છોડાવી લઈ બંને શખ્સ વિરૂધ્ધ કેશોદ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી અને મદદગારીની ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસ પ્રજાનો મિત્ર છે તે સુત્રને સાર્થક કરનારા જૂનાગઢના જીલ્લા પોલીસ વડા રવી તેજા વાસમ શેટ્ટી તથા ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાની કામગીરીને આજે પણ જનતા યાદ કરે છે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૩૧



સારા કામની સુવાસ લોકોના હૃદયમાં કાયમી ધોરણે રહેતી હોય છે. ત્યારે જૂનાગઢના જીલ્લા પોલીસવડા રવી તેજાવાસમ શેટ્ટી અને ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાએ મુશ્કેલજનક પરિસ્થિતિમાં ખુબ જ સરાહનીય કામગીરી દાખવી છે અને જૂનાગઢની જનતા આ આલા દરજજાના અધિકારીઓની સરાહનીય કામગીરીને આજે પણ યાદ કરી રહી છે. સૌરાષ્ટ્ર પંથકમાં જૂનાગઢ જિલ્લો એ કાયદો-વ્યવસ્થાની દ્રષ્ટિએ ખૂબ જ આગવું સ્થાન ધરાવે છે. જૂનાગઢ જિલ્લામાં ભવનાથ, સતાધાર, પરબધામ, સાસણ સહિતના ધાર્મિક તેમજ ફરવાના સ્થળો આવેલા હોય, લાખો યાત્રાળુઓ જિલ્લાની મુલાકાત લેતા હોય, ત્યારે ધાર્મિક દ્રષ્ટિએ તેમજ પર્યટક સ્થળ તરીકે પણ આગવું સ્થાન ધરાવતો જિલ્લો છે. આ જિલ્લામાં કાયદો વ્યવસ્થા બાબતે અવારનવાર કોઈ બનાવોના કારણે ચર્ચામાં કેન્દ્રસ્થાને હોય છે. તાજેતરમાં જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીની બદલી ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરીકે કરવામાં આવેલ છે. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીનો કાર્યકાળ આશરે બે અઢી વર્ષ ખૂબ જ સારો રહ્યો છે. કાર્યકાળ સફળતા પાછળ પોતાની આગવી સૂઝ બુઝ સાથે સાથે જેનું અન્ય એક કારણ ભૂતકાળમાં જૂનાગઢ ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા પ્રદીપસિંહ જાડેજા પણ હતા. પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી તથા નાયબ પોલીસ અધિક્ષક પ્રદીપસિંહ જાડેજાના સંયુકત કાર્યકાળ દરમ્યાન જૂનાગઢ પોલીસ એક ટીમ તરીકે ઉભરી હતી અને તમામ પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ વચ્ચે કામગીરી કરવાનું સંકલન ખૂબ જ સારૂ રહ્યું હતું. જૂનાગઢ જિલ્લામાં કોઈપણ બનાવ હોય, કોઈપણ બંદોબસ્ત હોય, કોઈ ગુન્હો હોય કે કોઈ ગંભીર ગુન્હેગાર હોય, તેઓના કાર્યકાળ દરમિયાન તમામ ગુભાઓનો ભેદઉકેલી, પ્રશ્નો સોલ્વ કરી અને ગુન્હેગારોને ટીમ વર્કથી ઝેર કરવામાં માહિર બન્યા હતા. તેઓના કાર્યકાળ દરમ્યાન કોરોના સમય, મહાશિવરાત્રી મેળાઓ, પરિક્રમાઓ, પરબ ધામના મેળા, રામ નવમી કે ગોકુળ આઠમની શોભાયાત્રા, જેવા તમામ પ્રસંગોએ પ્રજાની સાથે રહીને આગવી સૂઝબૂઝ સાથે, કોઈપણ અનિચ્છનીય બનાવો વગર સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવેલ હતા. તેઓના કાર્યકાળ દરમ્યાન ગંભીર ગુન્હાઓના ડીટેકશનમાં પણ ક્રાઈમ બ્રાન્ચ તથા સ્થાનિક પોલીસ દ્વારા ટીમ વર્કથી કામ કરવામાં આવેલ હતું. જૂનાગઢના તત્કાલીન ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા એ જૂનાગઢ ખાતે સાડા ત્રણ વર્ષ જેટલો લાંબો સમય ફરજ બજાવેલ અને આ ફરજ દરમ્યાન તેઓનો તમામ સમાજના સામજિક આગેવાનો, હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો, શાંતિ સમિતીના સભ્યો, તમામ રાજકીય પક્ષોના રાજકીય આગેવાનો, સાધુ-સંતો, સહિતના સમાજના નાનામાંનાના લોકો તેમજ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયાના મીડિયા કર્મીઓ સાથે સંકલન કરવાની તથા કોઈપણ કામ પાર પાડવાની આવડત તેમજ નાનામાં નાના લોકોને, ગરીબ લોકોને ન્યાય અપાવવા, વ્યાજના પ્રશ્નો, મકાન ભાડુઆતનાં પ્રશ્નો, પતિ-પત્નીના સામજિક પ્રશ્નોનો ઉકેલ પોતાની આગવી શૈલી અને આવડત દ્વારા લાવવામાં માહિર હોવાના કારણે જૂનાગઢ પોલીસ દ્વારા પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્ર સાર્થક કરવામાં મહદઅંશે સફળતા મેળવેલ હતી. જ્યારે તેઓની બદલી થઈ ત્યારે પણ જૂનાગઢના નાનામાં નાના માણસથી માંડીને તમામ નાગરિકોએ વડાય સમારંભો યોજીને શુભેચ્છાઓ આપી હતી. તદઉપરાંત, જૂનાગઢ શહેરના બાર એસોશીએશન દ્વારા જૂનાગઢના ઈતિહાસમાં પહેલી વખત ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાનો વિદાય સમારંભ યોજી, સરકારી વકીલોએ પણ ઓફિસે જઈને ભાવભીની વિદાય આપેલ હતી. બદલી થયાને એકાદ વર્ષ જેવો સમય થવા છતાં, પણ આજની તારીખે અવારનવાર જૂનાગઢ વાસીઓ ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાને ડગલે અને પગલે યાદ કરે છે. આ તમામ સારા કાર્યો કરવામાં જૂનાગઢ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

# જૂનાગઢના અંબિકા ચોકમાં જર્જરિત મકાનોનો રવેશ તૂટી પડ્યો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૩૧



શહેરના અંબિકા ચોકમાં આવેલ એક જર્જરિત બિલ્ડીંગનો રવેશ તૂટી પડ્યો હતો. જોકે, એક તો બપોરના સમયે અને બીજું રવિવાર હોવાના કારણે સદનસીબે જાનહાનિ ટળી છે. ત્યારે સવાલ એ થાય છે કે જે ખરેખર જર્જરિત બિલ્ડીંગો છે તેને મનપા શા માટે ઉતારતું નથી ? શું આવા બિલ્ડીંગોથી એસટીપીઓ બિપીન ગામીત અને કમિશ્નર રાજેશ તન્ના અંધારામાં છે કે ગામને અંધારામાં રાખવા માંગે છે? તેવો સવાલ લોકોમાં ઉઠવા પામ્યો છે. એક તરફ જર્જરિત બિલ્ડીંગોને મહાનગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી રહી છે અને કેટલાક બિલ્ડીંગોને ઉતારી પણ લેવાય છે. પરંતુ જે બિલ્ડીંગો ખરેખર જર્જરિત બની ગયા છે તેને કોઈ અગમ્ય કારણોસર ઉતારવામાં આવતા નથી. શહેરના અંબિકાચોક જેવા ટ્રાફિકથી સતત ધમધમતા અને ગીચ વિસ્તારમાં ડો. પંડિતના દવાખાના સામે આવેલ એક જર્જરિત ઈમારતો રવેશનો ભાગ તૂટીને રસ્તા ઉપર પડ્યો હતો. જોકે, એક તો બપોરનો સમય અને એમાં પણ રવિવારની રજા હોય લોકોની અવર જવર ન હોવાના કારણે સદનસીબે જાનહાનિ ટળી હતી.

# સોમનાથ ટ્રસ્ટ દ્વારા પથિક આશ્રમ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ, સાંજે ૪ થી ૭ કથા સમય

## શ્રી સોમનાથ મંદિરમાં સંકલ્પ અને પૂજન બાદ ઢોલ-શરણાઈના નાદ સાથે પોથી યાત્રામાં ભક્તો જોડાયા : ધરમપુરના પ્રસિદ્ધ કથાકાર શ્રી શરદભાઈ વ્યાસ મહારાજના શ્રીમુખે લોકોને ભાગવત જ્ઞાન મળશે : પ્રતિદિન કથામાં આવનાર તમામ ભાવિકો માટે ભોજન પ્રસાદની વિશેષ વ્યવસ્થા



(મીનાક્ષી-ભાસ્કરવૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૩૧

પ્રભાસતીર્થ એટલે જયાં ભગવાન સોમનાથ બિરાજમાન છે, તેમજ શ્રીકૃષ્ણએ જ્યાં પોતાની માનવ લીલા ને વિરામ આપ્યો તે પવિત્ર હરી અને હરની ભૂમિ ત્યારે શ્રી હરિ નામ સ્મરણ માટે પવિત્ર પુરૂષોત્તમ માસને સર્વશ્રેષ્ઠ કહેવામાં આવ્યો છે. જેથી સોમનાથ મહાદેવના દર્શને આવનાર ભકતો શ્રીકૃષ્ણ ભક્તિનું ભાથું બાંધી શકે તેના માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા પથિક આશ્રમ ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યુંછે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં તીર્થમાં આધ્યાત્મિકતાના સુદ્રઢીકરણ માટે સતત કાર્યરત છે ત્યારે પવિત્ર પુરૂષોત્તમ માસમાં શ્રીમદ ભાગવત કથાના રસપાનનો ભાવિકોને લાભ આપવા માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ધરમપુર થી વિશ્વપ્રસિદ્ધ બનેલા શ્રી શરદભાઈ વ્યાસ મહારાજ ના શ્રી મુખે શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સાથે આવનાર ભક્તો માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સોમનાથ મંદિર થી શ્રીમદ ભાગવત કથાની પોથીયાત્રા નીકળી હતી. જેમાં સ્થાનિય લોકો અને શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર જોડાયા હતા. સોમનાથ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી જેડી પરમાર, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા એક્ઝિક્યુટિવ ઓફિસર દિલીપ ચાવડા, સહિત ટ્રસ્ટ પરિવાર દ્વારા વ્યાસ પૂજન અને શ્રીમદ ભાગવતનું પૂજન કરવામાં આવ્યું હતું. કથાકાર શરદભાઈ વ્યાસ મહારાજ દ્વારા શ્રીમદ ભાગવતનો પરિચય આપતા શ્રીમદ ભાગવતને સાક્ષાત શ્રીકૃષ્ણ સ્વરૂપ ગણાવ્યું હતું અને જીવનના દરેક પ્રશ્નનો ઉકેલ શ્રીમદ ભાગવતમાં સમાયેલો છે તે વિશે શ્રોતાઓને જ્ઞાન આપ્યું હતું. આગામી તારીખ ૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી ચાલનારી આ શ્રીમદ ભાગવત કથામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાઈ શકે તેના માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. કથાની સાથે શ્રી સોમનાથ મહાદેવના પ્રસાદ સ્વરૂપે ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

# જૂનાગઢમાં સાયકલ સ્પર્ધાનું આયોજન

જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢ સાયકલ એસો. દ્વારા તા. ૬-૮-૨૩ રવિવારના રોજ રોડ સાયકલ માટે ઓપન જૂનાગઢ રોડ સાયકલ સ્પર્ધાનું મજેવડી ગેઈટથી ભવનાથ સોનાપુરી થઈ ભવનાથ ગ્રાઉન્ડ સુધી પાંચ કિમીનુ આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા. ૧૩-૮-૨૩ રવિવારના રોજ ભવનાથના લાલઢોરી વિસ્તાર પાસે એમટીબી સાયકલ માટે ઓપન જૂનાગઢ એમટીબી સાયકલ સ્પર્ધાનું ૩ કિમીથી ૯ કિમીનું આયોજન કરવામાં આવેલ છે. બંને સ્પર્ધામાંથી અલગ અલગ કેટેગરીમાંથી રાજયકક્ષાની સ્પર્ધા માટે જૂનાગઢની ટીમમાં પસંદ કરવામાં આવશે. આ બંને સ્પર્ધામાં રોડ એમટીબી ૮ કેટેગરીમાં રમાડવામાં આવશે. આ ૮ કેટેગરી વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૧ સુધી અંડર-૧૪ વર્ષ ૨૦૦૭-૨૦૦૮ વાળા અંડર-૧૭ વર્ષ ૨૦૦૫-૨૦૦૬ વાળા અંડર-૧૯ તથા વર્ષ ૨૦૦૪ અને તેની ઉપરની ઉંમરવાળા ઓપન સીનીયર ગ્રુપ એમ ભાઈઓ અને બહેનોના ૮ ગ્રુપમાં યોજવામાં આવશે. ભાગ લેનાર તમામને માન્યપ્રમાણપત્ર તથા પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. ભાગ લેવા માટે ૮૭૩૩૦૫૦૧૧૧, ૯૯૯૮૩૪૭૭૧૧ ઉપર સંપર્ક સાધવા ગુજરાત સ્પોર્ટસ, તળાવ દરવાજા, જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવેલ છે.

# કેશોદમાં ચોરીની ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી વધુ એક ચોરીની ઘટના બની

## કેશોદના ડીપી રોડ ઉપર બંધ મકાનમાં તસ્કરો ઘુસી ૧,૩૫,૦૦૦ રોકડ રકમ દાગીના ચોરી નાસી છૂટયા

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૩૧

કેશોદના ડીપી રોડ ઉપર આવેલા પ્રમુખ કેશવ એપાર્ટમેન્ટમાં ડી વિભાગમાં ચોથા માળે બ્લોક નંબર ૪૦૧માં રહેતાં જ્યોતિબેન મેસવાણીયા પોતાના પારિવારિક કામ સબબ ગતરાત્રે બહાર ગયેલા હોય વહેલી સવારે ઘરે આવી તાળું ખોલતાં ઘરમાં વેરણછેરણ સ્થિતિ નિહાળતાં તપાસ કરતાં ઘરમાં રાખેલા કબાટના લોકર તોડી રોકડા રૂપિયા સિત્તોર હજાર અને સોનાની ત્રણ વીટી, સોનાની બે બુટી અને ચાંદીના સાંકળા અંદાજે કિંમત રૂપિયા પાંસઠ હજાર મળી કુલ રૂપિયા ૧,૩૫,૦૦૦/-ની ચોરી અજાણ્યા તસ્કરો હાથફેરો કરી નાસી છૂટયા છે. કેશોદ પોલીસને જાણ કરવામાં આવતાં ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી છે. કેશોદના ડીપી રોડ પર આવેલા પ્રમુખ કેશવ એપાર્ટમેન્ટમાં સંખ્યાબંધ બ્લોક ખાલી હોવા ઉપરાંત આવવા જવા માટે વધું રસ્તાઓ લાગું પડતાં હોય અને તસ્કરો તાળું ખોલીને ઘરમાં ઘુસી ચોરી કરી ફરીથી તાળું મારી નાસી ગયેલ હોય જાણભેદુ હોવાનું અનુમાન લગાવવામાં આવે છે. કેશોદ શહેરી વિસ્તારમાં છેલ્લાં પખવાડિયા દરમ્યાન ચોરીની ઘટનાઓ વધી રહી છે ત્યારે રહીશોમાં ભયનો માહોલ સર્જાયો છે.

# કોડીનારના ઘાંટવડ અને છાછર ગામમાં કોમી એકતા અને ભાઈચારા સાથે મોહરમની ઉજવણી કરાઈ



(મુગલઅલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩૧

કોડીનાર તાલુકાના ઘાંટવડ અને છાછર ગામમાં મોહરમ નિમિત્તે સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા દર વર્ષની જેમ રાબેતા મુજબ રૂટ પ્રમાણે કલાત્મક તાજીયાનું ઝુલુસ નીકળ્યું હતું. જેમાં કોડીનાર તાલુકા સહિત આજુબાજુ ગામડાના હિન્દુ-મુસ્લિમોએ મોટી સંખ્યામાં હાજરી આપી કોમી એકતાના દર્શન કરાવી દેશની ભાઈચારા હિન્દુ-મુસ્લિમ સમાજની એકતા જળવાઈ રહે તેવી દુવા કરવામાં આવી હતી. ઘાંટવડ અને છાછર ગામમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈમામે હુસેનની યાદમાં તાજિયા બનાવવામાં આવ્યા હતા અને આસુરાના દિવસે છાછર ગામમાં ઝંઝીરના માતમ સાથે ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. તેમજ બંને ગામોમાં અલગ-અલગ કમિટી દ્વારા ન્યાજ અને સબિલનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝુલુસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનીચ્છનીય ઘટના ન બને તે માટે કોડીનાર પોલીસ સ્ટેશનનાં પીઆઈ ભોજાણી દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્તતૈનાત કરવામાં આવ્યો હતો.

# કેશોદની આદર્શ નિવાસી શાળા ખાતે તાલુકા કક્ષાના યુવા ઉત્સવ ઉજવાયો

(ગોવિંદ હડિયા દ્વારા) કેશોદ તા. ૩૧ : કેશોદની આદર્શ નિવાસી શાળા ખાતે તાલુકા કક્ષાના યુવા ઉત્સવ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આદર્શ નિવાસી શાળા ખાતે યોજાયેલ તાલુકા કક્ષાના યુવા ઉત્સવ ૨૦૨૩ અંતર્ગત સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ-કેશોદની વિદ્યાર્થીની કટારા દેવાયબેન - લોક વાર્તામાં પ્રથમ ક્રમ, પાંચાલિયા આરતીબેન અને તેના ગ્રુપે ભજનમાં પ્રથમ ક્રમ તેમજ ચિત્રકામમાં કોડીયાતર લીલુબેનનો તૃતિય ક્રમ પ્રાપ્ત થયો હતો. શાળાના આચાર્ય રૂપાપેરાબેન અને શિક્ષકોએ સ્પર્ધામાં ભાગ લેનાર અને ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

